ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 23-03-2016 –થી મંજૂર

# ચિત્રકલા

## ધોરણ 9

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈ બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી પાનાચંદ લુણેચિયા

**લેખન**
શ્રી પરેશ બી. સેવક
શ્રી પ્રશાંત એમ. પટેલ
શ્રી સુહાગ પી. પટેલ
શ્રી ચિરાગ પી. સુથાર
શ્રી નયના મેવાડા
શ્રી રાજેન્દ્ર ડી. પટેલ

**સમીક્ષા**
શ્રી ચેતન કે. વાઘેલા
શ્રી રજની એન. ત્રિવેદી
શ્રી હંસા સી. પટેલ
શ્રી નિલેશ એન. પટેલ
શ્રી વિપુલ ડી. પટેલ
શ્રી હેમલ એમ. પંચાલ
શ્રી ઉસ્માનઅલી સુતરિયા

**ભાષાશુદ્ધિ**
શ્રી સ્વાતિ જી. રાવલ

**સંયોજન**
ડૉ. કમલેશ એન. પરમાર
(વિષય-સંયોજક : હિન્દી)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન. સી. ઈ. આર. ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપેક્ષ્યમાં તૈયાર કરાયેલા રાજ્યના જુદા-જુદા વિષયોના અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 9, ચિત્રકલા** વિષયનું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતા આનંદ થાય છે. લેખન-સંપાદન પૅનલના સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રત નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. એન. સી. ઈ. આર. ટી. ના અને અન્ય રાજ્યોના અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોને જોઈ-ચકાસી, રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે લેખક-સંપાદકોએ ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષા-શિબિરના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે. તેમજ મંજૂરીક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા અભ્યાસક્રમનો એક ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ ચિત્રકલાનાં સાધનો તેનો ઉપયોગ, મૂળ તત્ત્વો, ભાતચિત્રોના પ્રકારો ઉપયોગના સિદ્ધાંતો સાથે કમ્પ્યૂટરનો રચનાત્મક ઉપયોગ કરતા થાય તેવો છે. આ ઉપરાંત ગુજરાતનાં શિલ્પો, સ્થાપત્યો અને નામાંકિત કલાકારોની ઉપયોગી માહિતી મેળવી તેના સર્જન વિશે જાણે તેનું લક્ષ્ય પણ રાખવામાં આવ્યું છે. પ્રાયોગિક વર્ક વિદ્યાર્થીઓની સર્જનશક્તિને ખીલવશે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

| | |
|---|---|
| **એચ.એન.ચાવડા** | **ડૉ. નીતિન પેથાણી** |
| નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| તા.01-03-2016 | ગાંધીનગર |

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓનાં ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ચિત્રકલાનાં સાધનોની ઓળખ અને તેનો ઉપયોગ | 1 |
| 2. | ચિત્રકલાનાં મૂળતત્ત્વો | 6 |
| 3. | ભાતચિત્રના પ્રકાર, ઉપયોગ અને સિદ્ધાંતો | 13 |
| 4. | ગુજરાતનાં શિલ્પ-સ્થાપત્યો | 18 |
| 5. | ચિત્રકલાનો કમ્પ્યૂટરમાં રચનાત્મક ઉપયોગ | 25 |
| 6. | નામાંકિત ચિત્રકારો | 28 |
| 7. | ચિત્રસર્જન (પ્રાયોગિક) | 69 |

# 1 ચિત્રકલાનાં સાધનોની ઓળખ અને તેનો ઉપયોગ

## ચિત્રકલાનાં સાધનોની ઓળખ અને તેનો ઉપયોગ

આગળના ધોરણમાં તમે ચિત્રકલાનો અભ્યાસ કર્યો જ છે અને ચિત્ર દોરવાની કલા કેટલાક અંશે પ્રાપ્ત કરી છે. પરંતુ પદ્ધતિસર અને વિષયને અનુરૂપ યોગ્ય ચિત્ર તૈયાર કરવા યોગ્ય સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે. તેથી ચિત્રકલાનાં સાધનોની ઓળખ અને ઉપયોગ સમજવો જરૂરી છે.

### પેન્સિલ (Pencil)

પેન્સિલનો ઉપયોગ બધા જ કરતા હોય છે પરંતુ ચિત્ર દોરવા માટે પેન્સિલ મહત્ત્વનું સાધન છે. પેન્સિલના સામાન્ય રીતે બે પ્રકાર છે : 'B' ગ્રેડ સીરિઝની પેન્સિલ અને 'H' ગ્રેડ સીરિઝની પેન્સિલ. 'B' સીરિઝની પેન્સિલોમાં B, 2B, 3B, 4B, 5B, 6B એમ અલગ અલગ ગ્રેડની પેન્સિલો મળે છે. 'B' સીરિઝની પેન્સિલનો જેમ જેમ નંબર વધતો જાય તેમ તેમ તે વધુ કાળી અને પોચી બનતી જાય છે એટલે કે '6B' સૌથી વધુ કાળી અને પોચી પેન્સિલ છે. એટલે જો માનવસર્જિત પદાર્થ ચિત્ર કે અન્ય ચિત્રમાં છાયા-પ્રકાશ કરવા માટે '6B' પેન્સિલનો ઉપયોગ કરવો સૌથી વધુ ઉત્તમ છે. 'H' સીરિઝની પેન્સિલમાં H, 2H, 3H, 4H, 5H અને 6H પેન્સિલ મળે છે.






'H' સીરિઝનો નંબર જેમ જેમ વધતો જાય તેમ તેમ તે વધુ સખત હોય છે. આ પ્રકારની પેન્સિલનો ઉપયોગ ઈજનેરી શાખામાં ભણતા વિદ્યાર્થીઓ કરે છે કારણ કે તેમને પેન્સિલના જાડા પૉઈન્ટને બદલે એકદમ અણીવાળા પૉઈન્ટની જરૂર હોય છે તેથી ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓ ઉપયોગ કરે છે.

આ સિવાય મધ્યમ કક્ષાની ગણાતી પેન્સિલ 'HB' ગ્રેડ હોય છે. જે બંને પ્રકારના મિશ્રણવાળી હોય છે તેથી સામાન્ય ઉપયોગ માટે 'HB' પેન્સિલ વધુ વપરાય છે.

આ માહિતી પરથી તમને ખ્યાલ આવી ગયો હશે કે કઈ પેન્સિલનો ઉપયોગ ક્યાં કરવો તે સમજાશે.

## રબર (Eraser)




પેન્સિલનો ઉપયોગ કરીએ ત્યારે રબર સાથે રાખવું જ પડે છે કારણ કે પેન્સિલથી દોરેલી લીટી કે આકાર બરાબર ન લાગે એટલે તેને દૂર કરવા માટે રબરનો ઉપયોગ કરવો જ પડે છે. બજારમાં ઘણા પ્રકારનાં રબર મળે છે પણ તેમાં નરમ હોય અને કાગળમાં ડાઘ ન પડે તેવું રબર ઉત્તમ ગણાય છે તેથી તે પ્રકારનું રબર ઉપયોગમાં લેવું.

## રંગ (Colour)

ચિત્ર દોર્યા પછી તેમાં ચિત્રના વિષય પ્રમાણે વિવિધ રંગો પૂરવાના હોય છે. રંગો વિવિધ પ્રકારના હોય છે :




જળરંગો(Water Colour), ઑઇલ(Oil Colour), એક્રેલિક રંગો, ઑઇલ પેસ્ટલ અને ડ્રાય પેસ્ટલ વગેરે રંગો. આ ધોરણમાં તમારે માત્ર જળરંગોનો જ ઉપયોગ કરવાનો હોવાથી પોસ્ટર રંગો અને ટ્યૂબના રંગોનો જ ઉપયોગ કરવાની સલાહ છે. તેમ છતાં જળરંગો પૂર્યા પછી ચિત્રને આકર્ષક બનાવવા જૂજ પ્રમાણમાં સ્કેચપેનના રંગોનો ઉપયોગ કરી શકાય છે.

## પીંછી (Brush)

ચિત્રમાં રંગ પૂરવા માટે પીંછીની જરૂર પડે છે. શીશીમાંથી કે ટ્યૂબમાંથી રંગ ડિશમાં કાઢવા કે તેમાં પાણી ઉમેરીને રંગ તૈયાર કરવા તથા તૈયાર થયેલા રંગને ચિત્રમાં પૂરવા પીંછીનો ઉપયોગ કરવો પડે છે. પીંછીના સામાન્ય રીતે બે પ્રકાર છે : ગોળ પીંછી અને ચપટી પીંછી. આ ધોરણમાં તમારે ખાસ કરીને ગોળ પીંછીનો ઉપયોગ કરવાનો છે. તેથી ગોળ પીંછીના પ્રકાર એટલે પાતળી અને જાડી પીંછીને ઓળખવી જરૂરી છે.

દરેક પીંછી ઉપર નંબર છાપેલા હોય છે. સામાન્ય રીતે 00 નંબરથી 6 નંબર સુધીની પીંછીઓ તમારા માટે વધુ ઉપયોગી છે. તેનાથી વધુ નંબરવાળી ગોળ કે ચપટી પીંછીઓ ચિત્રકારો કે રંગકામ કરનારા કારીગરો વાપરે છે. પીંછીનો જેમ નંબર વધે તેમ તેનો ઘેરાવો જાડાપણું વધે છે. એટલે 00 નંબર કરતાં 1 કે 2 નંબરની પીંછી જાડી હોય છે. તમારે ઓછામાં ઓછી ત્રણ-ચાર પીંછીની જરૂર પડે છે તેથી પાતળી કે ઓછી જગ્યામાં રંગ પૂરવા 3, 4 નંબર અને મોટા ભાગમાં રંગ પૂરવા 5, 6 નંબરની પીંછીનો ઉપયોગ કરવો જોઈએ. તેમ છતાં તમે તમારી અનુકૂળતા પ્રમાણેની ગોળ કે ચપટી પીંછીનો ઉપયોગ કરી શકો છો.



ચપટી પીંછી (Flat Brush)



ગોળ પીંછી (Round Brush)

### ડિશ (Dish)



ચિત્રમાં રંગ પૂરવા માટે રંગ અને પીંછીની સાથે ડિશની જરૂર પડે જ છે. ડિશ એ જરૂરિયાત મુજબ રંગને તૈયાર કરવાનું સાધન છે. શીશીમાંથી જરૂરિયાત મુજબ પીંછીથી રંગ કાઢીને ડિશમાં લેવો પછી તેમાં જરૂરિયાત મુજબ પીંછી વડે જ પાણી ઉમેરવું અને પીંછીથી હલાવી બરાબર મેળવણી કરવી. પાણી ઉમેરતાં ખાસ કાળજી રાખવી કારણ કે પાણી સહેજ પણ વધુ પડી જશે તો રંગ પાતળો થઈ જશે. એક રંગમાંથી બીજા રંગમાં પીંછી નાખતાં પહેલાં પીંછીને ચોખ્ખા પાણીથી ધોઈને લૂછી લેવી જરૂરી છે. જેથી એકબીજા રંગ ભેગા થઈ ન જાય. ચિત્રમાં રંગનું કામ પૂરું થયા પછી પીંછી અને ડિશને સ્વચ્છ પાણીથી ધોઈ નાખવા જરૂરી છે.


### કંપાસબૉક્સનાં સાધનો (Geometry Box)



ચિત્ર દોરવા માટે કંપાસબૉક્સનાં સાધનોનો ઉપયોગ કેટલીક વખત કરવો પડે છે. તેથી તેમાં કયાં કયાં સાધનો આવે છે અને કઈ રીતે ઉપયોગ થાય છે તે સમજવું જરૂરી છે. તેની વિગતવાર ઓળખ કરીએ :

**માપપટ્ટી (Scale) :**

કંપાસબૉક્સમાં નાની માપપટ્ટી આવે છે તેની એક તરફ 0 થી 15 સેન્ટિમીટર અને બીજી તરફ 0 થી 6 ઇંચનાં માપ દર્શાવેલાં હોય છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ સેન્ટિમીટરના માપનો ઉપયોગ કરવાનો હોય છે. આપેલાં માપ મુજબ સીધી લીટી દોરવા માટે માપપટ્ટી વપરાય છે. નાના માપ લેવા માટે આ કંપાસબૉક્સમાંની માપપટ્ટી વપરાય છે. પરંતુ ચિત્ર દોરવા માટે મોટી એટલે 0 થી 30 સેમીની અને બીજી તરફ 0 થી 12 ઇંચનાં માપ




દર્શાવેલ હોય તેવી માપપટ્ટીની જરૂર પડે છે. તેથી તમારે આ મોટી માપપટ્ટીનો ઉપયોગ કરવો જરૂરી છે.




**(1) કાટકોણ ત્રિકોણ (Set Square) :** કંપાસબૉક્સમાં પ્લાસ્ટિકનો કાટકોણ ત્રિકોણ આવે છે. તેમાં એક ખૂણો $90^{o}$ નો અને બાકીના બે ખૂણા $45^{o}$ ના હોય છે. આ માપના ખૂણા ઓછા સમયમાં દોરવા માટે આ ત્રિકોણનો સીધો ઉપયોગ કરવામાં આવે છે.


**(2) લઘુકોણ ત્રિકોણ (Set Square) :** કંપાસબૉક્સમાં પ્લાસ્ટિકનો બીજો ત્રિકોણ આવે છે. તેમાં ત્રણે ખૂણાનાં માપ અલગ અલગ હોય છે. એક ખૂણો $90^o$ નો (કાટખૂણો), બીજો ખૂણો $30^o$ નો અને ત્રીજો ખૂણો $60^o$ નો હોય છે તેથી તેને લઘુકોણ ત્રિકોણ કહે છે. આ માપના ખૂણા ઓછા સમયમાં દોરવા માટે સીધેસીધો આ ત્રિકોણનો ઉપયોગ થાય છે.



**(3) કોણમાપક (Protractor) :** આ સાધનને કોણમાપક એટલે કે ખૂણા માપવાનું સાધન કહે છે. આ અર્ધ વર્તુળાકાર સાધન ઉપર ડાબેથી જમણી તરફ અને જમણેથી ડાબી તરફ વંચાય તે રીતે $0^o$ થી $180^o$ ખૂણાનાં માપ (અંશ) લખેલા હોય છે. તેથી કોઈ પણ માપનો ખૂણો દોરવા માટે કે દોરેલા ખૂણાનું માપ જાણવા માટે આ કોણમાપકનો ઉપયોગ થાય છે.




**(4) કંપાસ(પરિકર)(Compass Self Celtering) :** કંપાસબૉક્સમાં વર્તુળ દોરવા માટેનું એક સાધન આવે છે. આ સાધનમાં પેન્સિલ ભરાવી શકાય તેવી સગવડ હોય છે. તેથી તેમાં પેન્સિલ ભરાવીને જે ત્રિજ્યાના માપનું વર્તુળ દોરવું હોય તેટલા માપ ઉપર કંપાસની અણી 0 ઉપર અને પેન્સિલની અણી આપેલા માપ ઉપર મૂકીને માપ લેવું પછી કાગળ ઉપર તે માપનું વર્તુળ તેના વડે દોરી શકાય છે. વર્તુળ દોરતી વખતે કાગળને ગોળ ન ફેરવતાં કંપાસને (પરિકર) ગોળ ફેરવવો.




**(5) વિભાજક (Divider):** કંપાસબૉક્સમાં બે અણીવાળું કંપાસ જેવું જ સાધન આવે છે તેને વિભાજક કહેવાય છે. આ સાધનમાં પેન્સિલ ભરાવવાની હોતી નથી કારણ કે વર્તુળ દોરવા માટે આ સાધન વપરાતું નથી. પરંતુ બે લીટી વચ્ચેનું માપ કેટલું છે તે જાણવા માટે કે આપેલા માપનો જ બીજો ખૂણો માપવા માટે આ સાધનનો ઉપયોગ થાય છે. કંપાસની જેમ આ સાધનથી પણ નાનામોટા માપનું કામ કરી શકાય છે.

## સ્વાધ્યાય

### 1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) છાયાપ્રકાશ કરવા માટે કયા ગ્રેડ (સીરિઝ)ની પેન્સિલ વધુ વપરાય છે ?

(A) ‘B’ સીરિઝ (B) ‘H’ સીરિઝ (C) ‘K’ સીરિઝ (D) ‘D’ સીરિઝ

(2) કઈ સીરિઝની પેન્સિલનો ઉપયોગ ઇજનેરી શાખાના વિદ્યાર્થીઓ કરે છે ?

(A) ‘B’ સીરિઝ (B) ‘H’ સીરિઝ (C) ‘K’ સીરિઝ (D) ‘D’ સીરિઝ

(3) કંપાસબૉક્સમાં આપેલી માપપટ્ટી કેટલા સેન્ટિમીટરની હોય છે ?

(A) 30 સેમી (B) 20 સેમી (C) 15 સેમી (D) 10 સેમી

(4) $90^o$નો ખૂણો બનાવવા કંપાસમાં આપેલા કયા સાધનનો ઉપયોગ કરીશું ?

(A) માપપટ્ટી (B) પરિકર (C) વિભાજક (D) કાટકોણ

(5) કોઈ પણ માપનો ખૂણો માપવા માટે કે દોરવા માટે કયા સાધનનો ઉપયોગ થાય છે ?


(A) કોણમાપક • (B) પરિકર (C) વિભાજક (D) ફૂટપટ્ટી

**શિક્ષક માટે**

ચિત્રકલાનાં તમામ સાધનો એક પછી એક વિદ્યાર્થીઓને બતાવવાં અને ઉપયોગ કઈ રીતે થાય છે તે પ્રત્યક્ષ બતાવવું.

કંપાસબૉક્સનાં તમામ સાધનો એક પછી એક વિદ્યાર્થીઓને બતાવવાં અને તેનો ઉપયોગ પ્રત્યક્ષ રીતે સમજાવવો. દરેક સાધન બતાવતી વખતે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછીને ચિત્ર શિક્ષકે જાણી લેવું કે વિદ્યાર્થીઓ સાધનને ઓળખે છે કે કેમ ?

ચિત્રપોથીમાં પ્રથમ પાને કંપાસબૉક્સનાં સાધનોનો ઉપયોગ કરીને સીધી લીટી, વિવિધ માપના ખૂણા, વર્તુળ, ત્રિકોણ વગેરે દોરવા.



કલાત્મક ટેક્ષ્ચર

# 2 ચિત્રકલાનાં મૂળતત્ત્વો

કલા સંસ્કૃતિનું એક અનોખું અંગ છે. એટલે સંસ્કૃતિના મૌલિક તત્ત્વની અસર કલા ઉપર પણ થાય છે. કલાનો મર્મ સમજવા માટે તેનો રસાસ્વાદ માણવા પોતાની રસવૃત્તિને પણ કેળવવાની જરૂર છે. માનવ સંસ્કૃતિ આરંભમાં સર્વત્ર ધાર્મિક હતી. કલા અને ધર્મ બંને અવિભાજ્ય હોવાથી કલા પણ આરંભમાં ધાર્મિક પ્રધાન હતી. ધર્મ પ્રેરિત આ ધર્માશ્રિત હોય એ સ્વાભાવિક છે. કુદરતે રેખા અને રંગ બંને વડે અદ્ભુત સૃષ્ટિ નિર્માણ કરી છે. બંનેમાં અવિભાજ્ય શક્તિઓ છે. કલાનું પૂર્ણ સ્વરૂપ આ બંને વગર શક્ય જ નથી.

વિશ્વમાં સર્વત્ર રેખા અને રંગ પ્રગટ થયેલા જોવા મળે છે. ઈશ્વરે સર્જેલી સૃષ્ટિ કે ચિત્રકારના ચિત્રના સર્જનમાં રેખા અને રંગનું મહત્ત્વ અનન્ય છે. બાળક લખતાં-વાંચતા શીખે તે પહેલાં ચિત્ર દોરે છે. બાળકના હાથમાં રંગીન ચૉકના ટુકડા આપી દો તો તે કોઈના પણ માર્ગદર્શન વગર આડા-ઊભા-ત્રાંસા-ગોળ લસરકા મારી વિવિધ આકારોનું સર્જન કરે છે. બાળકને કલાનું શિક્ષણ આપવાનો હેતુ તેની સર્જનશક્તિ (creativity) અવલોકનશક્તિ (observation) તથા વિચારશક્તિ (visulization) વિકસિત કરવાનો છે. ચિત્રકલા દ્વારા પોતાના મૌલિક વિચારો અભિવ્યક્ત કરી પોતાની સ્વતંત્રતા અને સર્જનનો આનંદ અનુભવે છે. માનસિક રીતે ઘડાય છે. સારા-નરસાની સમજ કેળવે છે.

બાળકને કલાનું શિક્ષણ આપવા માટે તેને કલાનાં મુખ્ય તત્ત્વોથી પરિચિત થવું જરૂરી છે :

(1) રેખા (Line) (2) આકાર (Form) (3) રંગ (Colour) (4) છાયા-પ્રકાશ (Light and shade)

આપણે આ પ્રકરણમાં કલાનાં આ મૂળ તત્ત્વો વિશે જાણવું જરૂરી છે :


**(1) રેખા (Line) :** રેખા એ ચિત્રકલાનું મહત્ત્વનું અંગ છે. બિંદુઓના જોડાણથી રેખાનું સર્જન થાય છે. ચિત્રના સર્જનની પ્રક્રિયામાં રેખાનું મહત્ત્વ અનન્ય છે. રેખા વડે આકારનું સર્જન થાય છે. તેથી રેખાના જુદા જુદા પ્રકાર-ગુણધર્મો અને લાક્ષણિકતા જાણવા આવશ્યક છે. રેખાએ ચિત્રકારની અભિવ્યક્તિનું મહત્ત્વનું અંગ છે. રેખાની કથન શક્તિ અનેક છે. ચિત્રકાર આ કથનશક્તિનો ઉપયોગ પોતાના ચિત્ર દ્વારા વિવિધ રીતે કરે છે તેથી ચિત્ર ઘણું બધું કહી દે છે. વિવિધ રેખા દ્વારા અનેક કલાત્મક પોત-ભાત (Texture) બતાવી શકાય છે.

રેખાના નીચે મુજબ અલગ અલગ પ્રકાર છે, જે અલગ અલગ ભાવ અભિવ્યક્ત કરે છે :

**ઊભી રેખા (Vertical Line) :**


ઊભી રેખા અડગતા, સ્થિરતા દર્શાવે છે. જ્યારે કોઈ પણ ચિત્રકૃતિમાં વધારે પડતી ઊભી રેખાનો ઉપયોગ થયો હોય ત્યારે ચિત્રમાં ગતિહીનતા જોવા મળે છે.

દા.ત., સાવધાનમાં ઊભેલો સૈનિક, ઊભો થાંભલો કે ઊભેલું વૃક્ષ, મિનારો વગેરે તેનાં ઉદાહરણો છે.




**આડી રેખા (Horizontal Line) :**

આડી રેખા આરામ, શાંતભાવ, નિસ્તેજતા અને નિષ્ક્રિયતા દર્શાવે છે. દા.ત., પડેલો થાંભલો કે પડેલું વૃક્ષ, સૂતેલો માણસ, ક્ષિતિજ વગેરે તેનાં ઉદાહરણો છે.




**ત્રાંસી રેખા (Slanting Line) :**

ત્રાંસી રેખા ઝડપ અને ગતિનું સૂચન કરે છે. પ્રાણી-મનુષ્ય કે કોઈ પણ સજીવને ગતિમાં બતાવવાનું કાર્ય કરે છે. દા.ત., ઊડતાં પંખીઓ, દોડતો માણસ, દોડતાં પ્રાણીઓ વગેરે તેનાં ઉદાહરણો છે.



**વમળ રેખા (Wave Line) :**


વમળયુક્ત રેખા એટલે સમુદ્રના મોજાની જેમ યોજાયેલી રેખાઓ. આ રેખા મંદગતિ, રીધમ, લય, માધુર્ય, કોમળતા, અને તાલબદ્ધતાનો ભાવ દર્શાવે છે.



દા.ત. સમુદ્રની લહેરો, જમીન પર સરકતો સાપ, લયયુક્તવેલ, નૃત્યાંગનાં તેનાં ઉદાહરણો છે.


**ગુણક રેખાઓ (Criss-Cross Line) :**

ગુણક રેખા અવ્યવસ્થા અને અનિયમિતતાનું સૂચન કરે છે. 'ભૂકંપ'નું દૃશ્ય, અકસ્માત કે મકાન પડી ગયું હોય ત્યારે કેટલીક અવ્યવસ્થા જેવું લાગે તે દર્શાવવા આવી રેખાનો ઉપયોગ થાય છે.



**તૂટક રેખાઓ (Broken Line) :**

ભય, કંપારી અને ધ્રુજારી જેવો ભાવ દર્શાવવાં તૂટક રેખાનો ઉપયોગ થાય છે. વરસતો વરસાદ, ધ્રુજતો માણસ, ધ્વનિકંપન, પારદર્શક, વાહનની ગતિ વાસણમાં પ્રવાહી દર્શાવવા આ રેખાનો ઉપયોગ થાય છે.



**પાતળી રેખા (Thin Line) :**

પાતળી રેખા બળ કે તાકાત બતાવે છે. નકશાની સરહદ, બલિષ્ટ માણસ તેનાં ઉદાહરણો છે.

**જાડી રેખા (Thick Line) :**

જાડી રેખા સ્થૂળતા, મેદસ્વિતા, વસ્તુની જાડાઈ, ઘનતા દર્શાવે છે. સ્થૂળ માણસ, વસ્તુની ઘનતા વગેરે તેનાં ઉદાહરણો છે.

**(2) આકાર (Form) :** ચિત્રકાર રેખાઓ દ્વારા આકારોનું સર્જન કરે છે. રેખા જ્યારે ચોક્કસ સ્વરૂપ પકડે છે ત્યારે આકાર અસ્તિત્વમાં આવે છે. રંગ અને રેખા વડે આકારનું સર્જન થાય છે. આકારોનું સુયોજિત સંકલન ગોઠવાય ત્યારે ચિત્ર પૂર્ણ થાય છે. આકારો દ્વારા જ ચિત્રકાર પોતાની ઊર્મિઓ, કલ્પનાઓ અને સંવેદનાઓને સ્વરૂપ આપે છે.

આકારો ભાવવાહી જ જોઈએ તેવું જરૂરી નથી. ચિત્રસંયોજન કે રચનાકૃતિઓમાં સપ્રમાણ અને સુરેખ રેખાઓ રૂપનું સર્જન કરે છે. ચિત્રકલામાં આકારના વિશિષ્ટ પ્રયોગો થયા છે. શિલ્પમાં રેખાને બદલે આકાર જ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. આકારના બે પ્રકાર છે : (1) 2 D દ્વિ-પાશ્વ આકાર (2) 3 D ત્રિ-પાશ્વ આકાર.

**દ્વિ-પાર્શ્વ આકાર (2 D (Two Dimension)) :**

જે આકારને ફક્ત લંબાઈ અને પહોળાઈ જ હોય તેવા આકારોને દ્વિ-પાર્શ્વ 2 D (દ્વિ-પરિમાણ) આકારો કહે છે. દા.ત., પેઇન્ટિંગ, ફોટો, ફોટોફ્રેમ વગેરે.

**ત્રિ-પાર્શ્વ આકાર (3 D (Three Dimension)) :**

જે આકારને લંબાઈ, પહોળાઈ, જાડાઈ કે ઊંડાઈ હોય તેવા આકારોને 3 D ત્રિ-પાર્શ્વ (ત્રિ-પરિમાણ) આકારો કહે છે. દા.ત., સ્થાપત્ય, શિલ્પ, મંદિર, ઇમારત વગેરે.

**(3) રંગ (Colour) :** ચિત્રકલાનું ત્રીજું મુખ્ય અંગ રંગ છે. કોઈ પણ વસ્તુનો ભાવ દર્શાવવા કે નિસર્ગની વાસ્તવિકતા દર્શાવવાની ક્ષમતા રંગોમાં છે. ચિત્રકાર પોતાના હૃદયની ઊર્મિનો નિચોડ રંગ દ્વારા ચિત્રકૃતિમાં ઉતારે છે. સૂર્યનાં કિરણોને ત્રિપાશ્વ કાચની મદદથી વિભાજિત કરવાથી સપ્તરંગોમાં દેખાય છે. આ સાત રંગોમાં ચિત્રકારની રંગશ્રેણીઓ છુપાયેલી છે. રંગોને ત્રણ શ્રેણીમાં વિભાજિત કર્યા છે : પ્રથમ શ્રેણી, દ્વિતીય શ્રેણી અને તૃતીય શ્રેણી. રંગચક્રના અભ્યાસથી ત્રણે શ્રેણીનો વધુ ખ્યાલ આવશે.

**(1) પ્રથમ શ્રેણીના રંગો (Primary colours) :**

લાલ(Red), પીળો(Yellow) અને વાદળી(Blue) મૂળ રંગો છે. આ રંગો પોતાનું અલગ અસ્તિત્વ અને ઓજસ ધરાવે છે. બીજા રંગોના મિશ્રણથી બનાવી શકાતા નથી. આ રંગોની શુદ્ધતા અને તેજસ્વિતા ઘણી વધારે છે.

**(2) દ્વિતીય શ્રેણીના રંગો (Secondary colours) :**

પ્રથમ શ્રેણીના કોઈ પણ બે રંગોના પરસ્પર સપ્રમાણ મિશ્રણથી દ્વિતીય શ્રેણીના રંગો બને છે. પ્રથમ શ્રેણીના મૂળ રંગો કરતાં દ્વિતીય શ્રેણીના રંગોમાં શુદ્ધતા અને તેજસ્વિતાનું પ્રમાણ ઓછું હોય છે.

લાલ + પીળો = કેસરી (Orange)

પીળો + વાદળી = લીલો (Green)

વાદળી + લાલ = જાંબલી (Purple or Violet)

આમ, કેસરી, લીલો અને જાંબલી દ્વિતીય શ્રેણીના રંગો છે.

**(3) તૃતીય શ્રેણીના રંગો (Tertiary colours) :**

બીજી શ્રેણીના બે રંગોના પરસ્પર સપ્રમાણ મિશ્રણથી બને છે. આ રંગો શાંત અને શીતળ ભાવ પ્રગટ કરે છે. આ રંગો વાસ્તવમાં ભૂખરા છે. તેજસ્વિતા ઘણી જ ઓછી છે.

કેસરી + લીલો = ચટણી (Olive Green)

લીલો + જાંબલી = પથ્થરિયો (Ash or Slate)

જાંબલી + કેસરી = બદામી (Brown)

આમ, ચટણી, પથ્થરિયો અને બદામી તૃતીય શ્રેણીના રંગો છે.

રંગચક્રનો ધ્યાનથી અભ્યાસ કરવાથી ત્રણે શ્રેણી અને એમાં આવતા રંગો જાણી શકાશે.




રંગચક્ર

શ્રેણીઓની સમજ કેળવવાથી રંગોની શુદ્ધતા, તેજસ્વિતા અને રંગ સુમેળ વિશેનું જ્ઞાન જાણી શકાય છે. ચિત્રના વિષય પ્રમાણે રંગોનો ઉપયોગ કરવાથી અસરકારક ચિત્રકૃતિ તૈયાર થાય છે.

## રંગના ગુણધર્મો (અભિવ્યક્તિ)

**લાલ રંગ (Red) :**

લાલ રંગ ઉત્સવ, ફૂલો અને વસંતના રંગનું પ્રતીક છે. હિંસાત્મક દૃશ્યમાં લાલ રંગ હિંસા, ભય, ક્રોધ બતાવે છે, તો લાલ રંગ પ્રેમનું પ્રતીક છે. શુભ કાર્યમાં વપરાય છે. સૌભાગ્યનું પ્રતીક ગણાય છે. લાલ રંગ બાળકો અને સ્ત્રીઓનો પ્રિય રંગ છે.

**પીળો રંગ (Yellow) :**

પીળો રંગ પવિત્રતાનું સૂચન કરે છે. કેટલાક સાધકો પીળા રંગના પીતાંબરનો ઉપયોગ કરે છે. કોઈ પણ પ્રજ્વલિત દીપ, પ્રકાશ, અગ્નિ, સૂર્ય વગેરેને પ્રકાશમાન દર્શાવવા આ રંગનો ઉપયોગ થાય છે. અશક્તિ કે માંદગી દર્શાવવા માટે આછો પીળો રંગ વપરાય છે. આ રંગ તેજસ્વિતા અને પવિત્રતા માટે વપરાય છે.

**વાદળી રંગ (Blue) :**

વાદળી રંગ વિશાળતાનું પ્રતીક છે. વિશાળ આકાશ અને અસીમ-અનંતનો રંગ છે, જે રંગની સીમા બાંધી શકાતી નથી. આકાશની વિશાળતાના કારણે ભૂરા રંગની ભ્રાંતિ પેદા થાય છે. ભૂરો રંગ વિશાળતા, અનંતતા, ગંભીરતા દર્શાવે છે. સંત નાનકે એને પરમાત્માનો પ્રતીક માન્યો છે.

**લીલો રંગ (Green) :**

લીલો રંગ સજીવતાનું પ્રતીક છે. જ્યાં સુધી વૃક્ષ જીવંત હોય ત્યાં સુધી લીલું હોય છે. જ્યારે સુકાઈ જાય છે ત્યારે લીલું રહેતું નથી. વૃક્ષમાં લીલો રંગ પહેલાં આવે છે. બાગમાં કે જંગલમાં જઈએ તો લીલો રંગ જોઈને આંખ અને હૃદય પણ હરિયાળું બની જાય છે અને શાંતિનો અહેસાસ થાય છે. લીલા રંગનું પરિણામ શાંતિ છે. તાજગી, ચિંતન, શ્રદ્ધા સમૃદ્ધિ,

ફળદ્રુપતા તેમજ હરિયાળી ક્રાંતિ દર્શાવવાનું કામ કરે છે. તેથી રાષ્ટ્રધ્વજમાં નીચેના પટ્ટામાં આ રંગને સ્થાન આપવામાં આવ્યું છે.

**કેસરી રંગ (Orange) :**

કેસરી રંગ રાષ્ટ્રધ્વજમાં ઉપરના પટ્ટામાં પસંદગી પામેલો રંગ છે. સ્વાર્પણ, બલિદાન, ત્યાગ વગેરે દર્શાવે છે અને જરૂર પડે દેશ માટે મરતે દમ તક શક્તિ લગાવવાની હાકલ કરે છે. શૌર્ય બતાવે છે.

**જાંબલી (Violet) :**

જાબલી રંગ સ્વભાવે વિનમ્ર, રાજસવૃત્તિ, દરબારી ઠાઠ, બાદશાહી દમામ, એશ-આરામ અને વૈભવ સૂચવે છે.

**સફેદ રંગ (White) :**

સફેદ રંગ સ્વચ્છતા, શુદ્ધતા, પવિત્રતા, પ્રામાણિકતા કે શાંતિનો અહેસાસ કરાવે છે. તેથી આપણા રાષ્ટ્રધ્વજમાં વચ્ચેનો પટ્ટો સફેદ રંગનો છે.

**કાળો રંગ (Black) :**

ઊંડાઈ, ગહનતા, અંધકાર, છાયા, કપટ, શોક દર્શાવતો રંગ છે. વિરોધ દર્શાવવા કાળા રંગના વાવટા ફરકાવવામાં આવે છે.


## રંગ-પદ્ધતિઓ (Colour Schemes)

**(1) સજાતીય રંગ-પદ્ધતિ (Complementary colours) :**

રંગચક્રમાં પાસપાસે આવતા રંગો સજાતીય રંગો કહેવાય છે. રંગચક્રમાં કોઈપણ મૂળ રંગ ઉપર આંગળી મૂકતા તેની આજુબાજુના બે રંગો તે રંગના સજાતીય રંગ કહેવાય છે.

રંગચક્રમાં દર્શાવ્યા પ્રમાણે લાલ રંગના સજાતીય રંગો કેસરી અને જાંબલી છે. પીળા રંગના સજાતીય રંગો કેસરી અને લીલો છે. વાદળી રંગના સજાતીય રંગો જાંબલી અને લીલો છે.

આ રંગ-પદ્ધતિમાં તેજસ્વી અને શાંત એમ બંને પ્રકારના રંગોનો સુમેળ થાય છે. ચિત્રકૃતિમાં શાંતભાવ અને માધુર્ય લાવવામાં આ પદ્ધતિનો ઉપયોગ કરવો જરૂરી છે. ઑફિસની દીવાલો, પહેરવેશ તથા સજાવટમાં આ પદ્ધતિનો ઉપયોગ થતાં મનોગમ્ય માધુર્ય સર્જાય છે.




સજાતીય રંગ

**(2) વિજાતીય (વિરોધી) રંગ-પદ્ધતિ (Constrasting Colour) :**

રંગચક્રમાં સામસામે આવતા રંગો વિજાતીય રંગો કહેવાય છે. આકૃતિમાં દર્શાવેલ રંગચક્રમાં કોઈ પણ એક રંગ ઉપર આંગળી મૂકતા તેની સામેનો રંગ તે રંગનો વિજાતીય રંગ કહેવાય છે.

લાલ રંગનો વિજાતીય રંગ લીલો છે. પીળા રંગનો વિજાતીય રંગ જાંબલી છે અને વાદળી રંગનો વિજાતીય રંગ કેસરી છે.

ચિત્રમાં જ્યારે કોઈ એક રંગ અને તેનો વિજાતીય રંગ સાથે સાથે વપરાય ત્યારે વિજાતીય રંગ-પદ્ધતિનું નિર્માણ થાય છે. આ રંગો લોકોને આકર્ષવામાં મદદરૂપ બને છે. આ રંગો વ્યાવસાયિક ચિત્રકલા (Commercial art)માં વધુ વપરાય છે. તેથી જાહેરાતો, પુસ્તક કે




વિજાતીય રંગ


સામયિકોનાં આવરણ, ગ્રીટિંગ્સ કાર્ડ વગેરેમાં વધુ વપરાય છે.

**(3) એક રંગીય રંગ પદ્ધતિ (Monocrome Colours) :** કોઈ પણ એક રંગમાં સફેદ કે કાળા રંગનું પ્રમાણ વધારતા કે ઘટાડતા જઈએ એટલે આ રંગની અનેક કક્ષાઓ બને છે. એમાંથી એક રંગીય ચિત્રકૃતિ બનાવી શકાય છે.

**(i) ટિન્ટ :** કોઈ પણ એક રંગમાં સફેદ રંગ વધુ પ્રમાણમાં ઉમેરવાથી તે રંગનો ટિન્ટ બને છે.



ટિન્ટ (Tint) Adding White



શેડ (Shade) Adding Black

**(ii) શેડ** : કોઈ પણ એક રંગમાં કાળા રંગનું પ્રમાણ ઉમેરવાથી તે રંગનો શેડ બને છે.

**(4) ગરમ રંગો (ઉત્તેજિત-ઉષ્ણ રંગો) (Warm colour) :**

જે રંગો જોતાં આંખોમાં ઉત્તેજિતતા-ગરમી ઉત્પન્ન કરે છે તેવા રંગો ગરમ રંગો છે.

દા.ત., લાલ, પીળો, કેસરી - આ રંગોના મિશ્રણવાળા રંગો ગરમ રંગો કહેવાય.

જેનો ઉપયોગ જાહેરાતો, પોસ્ટરો વગેરેમાં વિશેષ જોવા મળે છે.

**(5) ઠંડા રંગો (શાંત-શીતળ રંગો) (Cool colours) :**


જે રંગો જોતાં આંખમાં શાંત ભાવ ઉત્પન્ન કરે છે તેને શાંત રંગો કહેવાય છે.

દા.ત., વાદળી, લીલો, જાંબલી - આ રંગો ઠંડા રંગો કહેવાય છે.

જેનો ઉપયોગ ઘર, ઑફિસ, દવાખાનાની દીવાલો પર વિશેષ જોવા મળે છે.

**(6) પારદર્શક રંગો (Transparent colours) :**


પારદર્શક રંગો એટલે તે રંગમાં પાણીનું પ્રમાણ વધારે હોય છે. રંગને આછો-પાતળો કરવા પાણી ઉમેરવામાં આવે છે. પારદર્શક રંગોમાં ચિત્રની પૃષ્ઠભૂમિ (Back Ground) સંપૂર્ણ રીતે ઢંકાઈ જતી નથી પણ રંગમાં પૃષ્ઠભૂમિની મદદ મળે છે. પારદર્શક રંગો એક વખત કાગળ ઉપર મૂક્યા પછી બદલી શકાતા નથી. તેને બદલવા જતા મૂળ પારદર્શકતા નાશ પામે છે.




**(7) અપારદર્શક રંગો (Opaque colours) :** કોઈ પણ સપાટી ઉપર રંગ લગાવ્યા પછી સપાટી ઢંકાઈ જાય તેવા રંગોને અપારદર્શક રંગો કહેવાય છે. આ રંગો સપાટી ઉપર લગાવ્યા પછી બદલી શકાય છે. અપારદર્શક રંગોના ઉપયોગથી ચિત્રમાં ઘનતા કે કદનો આભાસ ઊભો થાય છે.

**(4) છાયા-પ્રકાશ (Light-shade) :** છાયા-પ્રકાશ એ શબ્દથી આપ પરિચિત છો જ. એક દડા પર સૂર્યનો પ્રકાશ પડે તે પ્રકાશ અને જ્યાં સૂર્યપ્રકાશ ન પહોંચી શકે અંધકાર કે પડછાયો દેખાય તેને છાયા કહેવાય છે. અહીં આપેલી આકૃતિ (ચિત્ર) દ્વારા સમજી શકાય છે.

આમ છાયા-પ્રકાશ દ્વારા ચિત્રમાં જાડાઈ-ઊંડાઈ, પહોળાઈ કે ઘનતા દર્શાવી વાસ્તવિકતા લાવી શકાય છે.



**(i)** લાલ, પીળો અને વાદળી શર્ટ પહેરેલા ત્રણ બાળકોના જો બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો પાડવામાં આવે તો આપણને ખ્યાલ આવશે કે કયા રંગમાં કેટલી છાયા(કાળાશ) છે તેની સમજ પડે. દરેક રંગની આ પ્રમાણે નિશ્ચિત કક્ષાની છાયા પડે છે. છાયાની આવી વિભીન્નતા ને છાયા–પ્રકાશ કહે છે.



**(ii)** લાલ રંગના સફરજન ઉપર સૂર્યપ્રકાશના કિરણો પડતા ક્યાં કેટલો આછો-ઘેરો શેડ આપવો તે ખબર પડે છે. ચિત્રમાં છાયા-પ્રકાશથી પદાર્થની વાસ્તવિક્તા કે ઓળખ ઊભી થાય છે. આમ છાયા-પ્રકાશ દ્વારા ચિત્રમાં જાડાઈ, ઊંડાઈ, પહોળાઈ કે ઘનતા દર્શાવી શકાય છે અને વાસ્તવિક્તા લાવી શકાય છે.

## સ્વાધ્યાય

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ચિત્રકલાનું અતિ મહત્ત્વનું અંગ કયું છે ?

(A) રેખા (B) રંગ (C) આકાર (D) ફોટો

(2) રંગચક્રમાં સામસામે આવતા રંગો કેવા રંગો કહેવાય છે ?

(A) વિજાતીય રંગો (B) સજાતીય રંગો (C) એક રંગી (D) ગરમ રંગો

(3) સાવધાનમાં ઊભેલો સૈનિક કઈ રેખાનું પ્રતીક છે ?

(A) આડી રેખા (B) ઊભી રેખા (C) ત્રાંસી રેખા (D) તૂટક રેખા

(4) નિસ્તેજતા અને નિષ્ક્રિયતા દર્શાવવા કંઈ રેખાઓ વપરાય છે ?

(A) ઊભી રેખા (B) તૂટક રેખા (C) આડી રેખા (D) ત્રાંસી રેખા

(5) ક્ષિતિજ દર્શાવવા કઈ રેખાનો ઉપયોગ થાય છે ?

(A) ત્રાંસી રેખા (B) તૂટક રેખા (C) ગુણક રેખા (D) આડી રેખા

(6) કંઈ શ્રેણીના રંગો મિશ્રણથી બનતા નથી ?

(A) તૃતીય શ્રેણી (B) દ્વિતીય શ્રેણી (C) પ્રથમ શ્રેણી (D) એક પણ નહિ.

(7) જમીન પર સરકતો સાપ દર્શાવવા કઈ રેખાઓનો ઉપયોગ થાય છે ?

(A) ગુણક રેખા (B) વમળ રેખા (C) ત્રાંસી રેખા (D) ત્રૂટક રેખા

(8) મંદગતિ, માધુર્ય, કોમળતા અને તાલબદ્ધતા દર્શાવવા કઈ રેખાઓ વપરાય છે ?

(A) ત્રાંસી રેખા (B) તૂટક રેખા (C) ગુણક રેખા (D) વમળ રેખા

(9) કયાં રંગોમાં ચિત્રની પૃષ્ઠભૂમિ સંપૂર્ણ ઢંકાઈ જતી નથી ?

(A) અપારદર્શક (B) પારદર્શક (C) ઑઇલ કલર (D) એક પણ નહિ.

(10) ભૂંકપનું દશ્ય દર્શાવવા કઈ રેખા ઉપયોગમાં લેવાય છે ?

(A) ત્રાંસી રેખા (B) વમળ રેખા (C) ગુણક રેખા (D) ઊભી રેખા

(11) ભય, કંપારી અને ધ્રૂજારી દર્શાવવા કઈ-કઈ રેખા વપરાય છે ?

(A) ત્રાંસી રેખા (B) વમળ રેખા (C) તૂટક રેખા (D) આડી રેખા

(12) બળ કે તાકાત દર્શાવવા કઈ રેખા વપરાય છે ?

(A) જાડી રેખા (B) તૂટક રેખા (C) પાતળી રેખા (D) ત્રાંસી રેખા

(13) કોઈ પણ રંગમાં કયો રંગ ઉમેરવાથી તે રંગનો ટિન્ટ બને છે ?

(A) કાળો (B) વાદળી (C) સફેદ (D) લાલ

(14) કયો રંગ પ્રેમનું પ્રતીક અને સૌભાગ્યનું પ્રતીક ગણાય છે ?

(A) લાલ (B) વાદળી (C) લીલો (D) પીળો

(15) અશક્તિ કે માંદગી દર્શાવવા કયો રંગ વપરાય છે ?

(A) વાદળી (B) ગુલાબી (C) લીલો (D) આછો પીળો

(16) વિશાળતા, ગંભીરતા અને અનંતતા દર્શાવવા કયો રંગ વપરાય છે ?

(A) લાલ (B) પીળો (C) વાદળી (D) જાંબલી

(17) કયા રંગ દ્વારા તાજગી, સમૃદ્ધિ અને ફળદ્રુપતા દર્શાવી શકાય છે ?


(A) લાલ (B) પીળો (C) વાદળી (D) લીલો

(18) દરબારી ઠાઠ અને બાદશાહી દમામ દર્શાવવા માટે કયા રંગ વપરાય છે ?


(A) લાલ (B) જાંબલી (C) પીળો (D) વાદળી

(19) જ્યાં પ્રકાશ ન પહોંચી શકે અને પડછાયો દેખાય તેને શું કહેવાય ?

(A) આકાર (B) નિરાકાર (C) છાયા (D) પ્રતિબિંબ







# 3 ભાતચિત્રના પ્રકાર, ઉપયોગ અને સિદ્ધાંતો


**ભાતચિત્ર એટલે 'સુશોભનની કલા'**

ભાતનો ઉપયોગ અનેક વસ્તુઓ પર સુશોભન માટે થાય છે. ધાતુનાં વાસણો, ટોડલા, લાકડાના પટારા, લાકડાના હીંચકા, બારીના ઝરૂખા, બારસાખ વિવિધ રીતે સુશોભન કરેલાં જોવા મળે છે. આજે પણ ફોટોફ્રેમ, ટેબલ-લૅમ્પ, પડદા, ચાદરો, સાડી, તોરણો, દિવડા, ડ્રેસ-મટિરિયલ્સ જેવી વસ્તુઓ પર કલાત્મક ભાતરચના જોવા મળે છે. ભાતચિત્ર લોકજીવનમાં ઓતપ્રોત થયેલું જોવા મળે છે.

ભાતચિત્રમાં ભૌમિતિક આકારો જેવા કે ચોરસ, ત્રિકોણ, ગોળ, લંબગોળ, કુદરતી આકરો ફળ-ફૂલ, વેલ, વૃક્ષ, પીંછાં જેવા કુદરતી આકારો વિવિધ પ્રકારનાં પશુ-પંખીઓ, પ્રાણીઓ, છીપલાં, પતંગિયાં વગેરેનો ઉપયોગ થાય છે. આજના આધુનિક જીવનમાં અર્મૂત આકારોવાળી ભાતરચનાનો પણ ઉપયોગ થાય છે.


**ભાતચિત્રના પ્રકારો :**

**ભાતચિત્રના પ્રકારો ચાર છે :**



**(1) ભૌમિતિક આકારોવાળી ભાતરચના (Geometrical Design) :**

કંપાસનાં સાધનોની મદદથી બનતા આકારોનો ઉપયોગ કરીને બનતી ભાતરચનાને ભૌમિતિક આકારોવાળી ભાત કહે છે. દા.ત., ગોળ, ચોરસ, ત્રિકોણ, ષટ્કોણ, અર્ધગોળ વગેરેની ભાત, વણાટકામની ભાત તેમજ લોખંડની જાળીઓ તથા ટાઇલ્સ પર આવી ભાતરચના વધારે મળે છે.




**(2) કુદરતી આકારોવાળી ભાતરચના (Natural Design) :**


કુદરતમાંથી મળતાં પાન, ફળ, ફૂલ, પશુ-પંખી, શંખ, છીપલાં, માછલી, પતંગિયાં જેવા કુદરતી આકારોનો ઉપયોગ કરીને જે રચનાકૃતિ કરવામાં આવે તેને કુદરતી આકારોવાળી ભાતરચના કહે છે.

ભરતકામની રચનાઓમાં આ પ્રકારની ભાતરચના વધારે જોવા મળે છે. આમાં છાયા-પ્રકાશનું બંધન હોતું નથી.

**(3) અલંકૃત આકારોવાળી ભાતરચના (Decorative Design) :**


કુદરતમાંથી મળતા આકારોને બુદ્ધિ-કૌશલ્ય અને સૌંદર્યની દષ્ટિથી વધારે સુશોભિત (અલંકૃત) કરીને રચનાકૃતિ કરવામાં આવે તેને અલંકૃત આકારોવાળી ભાતરચના કહે છે.






અલંકૃત આકારોવાળી ભાતરચનાનો રંગોળી, ટાઈલ્સ, મુક્ત હસ્તચિત્ર(ફ્રી હેન્ડ) વગેરેમાં ઉપયોગ કરવામાં આવે છે.

**(4) અમૂર્ત (અનિયમિત) આકારોવાળી ભાતરચના (Abstract Design) :**



ટ્રેસિંગ કરેલા આકારો



આખા ભાગમાં એક જ આકાર

અમૂર્ત આકારોવાળી ભાતરચનામાં ભૌમિતિક, નૈસર્ગિક કે અલંકૃત આકારો સાથે સંબંધ ન હોય, એટલે કે કોઈ ચોક્કસ આકાર ન હોય અને માત્ર સ્વતંત્ર રચના હોય તેને અમૂર્ત આકારોવાળી ભાતરચના કહે છે.

સાડી, ડ્રેસનું કાપડ, પડદા, ચીનાઈ માટીનાં વાસણો વગેરે પર આવી ભાતરચના વધારે જોવા મળે છે.

**ભાતચિત્રના સિદ્ધાંતો :**


ભાતચિત્રનો ઉપયોગ વસ્તુની સુંદરતા તથા સુશોભન વધારવા માટે કરવામાં આવે છે. ભાતચિત્રમાં ભાતના એક અથવા વધુ આકારોની સુંદર ગોઠવણી કરવામાં આવે છે. આકારો સમતોલ અને અવ્યવસ્થિત હોય તો ભાતચિત્ર સુંદર બનતું નથી તેની સાથે રંગોનું આયોજન પણ મહત્ત્વનું છે.

**ભાતચિત્રના ત્રણ સિદ્ધાંતો છે :**


**(1) પુનરાંકન (પુનરાવર્તન) (Repetition) (2) વિસ્તરણ (Radiation) (3) સમતોલ (Balance)**

**(1) પુનરાવર્તન કે પુનરાંકન (Repetition) :** એક જ આકારને વારંવાર વાપરવામાં આવે તેને પુનરાંકન કહેવાય છે. પુનરાંકન એ ભાતચિત્રનો મહત્ત્વનો સિદ્ધાંત છે. પુનરાંકન વિવિધ રીતે કરવામાં આવે છે જેના પ્રકારો નીચે મુજબ છે :

**સાદું પુનરાંકન ( Simple Repetition) :** ભાત માટે નક્કી કરેલા કોઈ પણ એક આકારને એક કરતાં વધુ વાર પુનરાંકન કરવામાં આવે ત્યારે સાદું પુનરાંકન તૈયાર થાય છે.




**ઊલટ-સૂલટ પુનરાંકન (Counter Change Repetition) :** ભાત માટે નક્કી કરેલા કોઈ પણ એક આકારને એક વખત સૂલટો અને બીજી વખત ઊલટો ગોઠવીને ભાત તૈયાર કરવામાં આવે છે.



**વૈકલ્પિક પુનરાંકન (Alternating Repetition) :** ભાત માટે નક્કી કરેલા બે જુદા-જુદા આકાર હોય છે. ટ્રેસિંગ પેપરની મદદથી પહેલાં એક આકાર પછી બીજો આકાર વળી પાછો પહેલો અને બીજો એમ જરૂરિયાત મુજબ વારંવાર ગોઠવવાથી વૈકલ્પિક પુનરાંકન થાય છે.




**સર્વવ્યાપી પુનરાંકન (All Over Repetition) :** આ ભાત માટે નક્કી કરેલા આકાર એક કે વધારે આકારને ચારે તરફ સમગ્ર જગ્યા પર એકસરખું વિભાજન કરી ટ્રેસિંગ પેપરની મદદ વડે ગોઠવવાથી સર્વવ્યાપી પુનરાંકન થાય છે.



આ બધા પુનરાંકનની ભાતરચનાઓ કરવામાં ટ્રેસિંગ પેપર (અર્ધ પારદર્શક કાગળ)નો ઉપયોગ કરી શકાય છે.


**(2) વિસ્તરણ (Radiation) :** વિસ્તરણ એટલે રેખા, રંગ કે આકારનું એક દિશા કે ચારે દિશામાં ચોક્કસ રીતે ફેલાઈ જવું. સૂર્યનાં કિરણો, સૂરજમુખીનું ફૂલ, વેલ કે ડાળી પર વિસ્તરણનો સિદ્ધાંત જોવા મળે છે. સામાન્ય રીતે વિસ્તરણના ચાર પ્રકાર જોવા મળે છે

**કેન્દ્રમાંથી વિસ્તરણ (Radiation from the Center) :**




કોઈ એક જ મધ્યબિંદુમાંથી કેન્દ્રની આજુબાજુ આકારો, રેખા કે રંગો વિસ્તરેલા હોય તેવી ગોઠવણીને કેન્દ્રમાંથી વિસ્તરણ કહેવામાં આવે છે. દા.ત., પ્રકાશતો સૂર્ય, સૂરજમુખીનું ફૂલ, ચક્રના આરા વગેરે

**બિંદુમાંથી વિસ્તરણ (Radiation from a point) :**




કોઈ એક જ બિંદુમાંથી આકાર, રેખા કે રંગ એક દિશા તરફ વિસ્તરતા હોય, તો તેને બિંદુમાંથી વિસ્તરણ કહે છે. દા.ત., ઘડિયાળની સ્પ્રિંગ, ફૂલદસ્તો, ફુવારો વગેરે.

**પાયામાંથી વિસ્તરણ (Radiation from a Base) :**



કોઈ એક પાયાનાં ઘણાં બિંદુમાંથી રેખાઓ, આકારો કે રંગો ફૂટી નીકળતા હોય તેને પાયામાંથી વિસ્તરણ કહેવામાં આવે છે. દા.ત., ટુથબ્રશ, જમીન પર ઊગેલું ઘાસ, કાંસકો વગેરે.

**ધરીમાંથી વિસ્તરણ (Radiation from an Axis) :**







ધરી રૂપી રેખામાંથી આકારો, રેખા કે રંગ વિસ્તરતા હોય તેને ધરીમાંથી વિસ્તરણ કહે છે. દા.ત., પક્ષીનું પીંછું, પાંદડાંની નસો, એન્ટેના વગેરે.

**(3) સમતોલન (Balance) :** સમતુલા એટલે ભાર સામ્ય, તુલાના એક પલ્લામાં 500 ગ્રામ વજનિયાં મૂકીએ તો બીજા પલ્લામાં બીજું તેટલું વજન અથવા તેટલા વજનની બીજી કોઈ વસ્તુ મૂકવામાં આવે ત્યારે બંને પલ્લાં સરખાં રહે તેને સમતુલા કહેવાય.

**કોઈ પણ ચિત્રરચનામાં સમતોલનનું મહત્ત્વ છે. સમતોલનના બે પ્રકાર છે :**

**(1) પ્રત્યક્ષ સમતોલન (સમ સમતોલન) (Direct or Equal Balance) :**



સમ સમતોલન રચનાકૃતિમાં એક બાજુ જેવી જ આકૃતિ અને રંગ બીજી બાજુ યોજી હોય ત્યારે પ્રત્યક્ષ સમતુલા જળવાઈ કહેવાય. આવા પ્રકારમાં મોટે ભાગે મધ્ય રેખા દોરીને જોતાં બંને બાજુ સરખું આલેખન થયેલું જોવા મળે છે.

**દા.ત. :** ફ્રી હેન્ડ, પીપળનું પાન, તાજમહેલ, સાવધાનમાં ઊભેલો સૈનિક, મિનારો વગેરે.

**(2) પરોક્ષ સમતોલન (વિષમ સમતોલ) (Indirect or Unequal Balance) :**



આ પ્રકારની રચનાકૃતિમાં બંને બાજુ સમાન આકૃતિ કે રંગયોજના ન યોજી હોય છતાં આકારોની ગોઠવણી અને રંગયોજના સમતોલનવાળી દેખાય તેવી રચનાકૃતિને વિષમ સમતોલન કહે છે. દા.ત., ચાની કિટલી, મોર, નૃત્યાંગના, દોરડા પર ચાલતો નટ, વૃક્ષ.

## સ્વાધ્યાય

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ભાતચિત્રનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

(A) સુશોભન (B) ગોઠવણી (C) કારીગરી (D) રંગ-સંયોજન

(2) કેન્દ્રમાંથી વિસ્તરણનું ઉદાહરણ કયું છે ?

(A) સૂર્ય (B) ફુવારો (C) ટુથબ્રશ (D) ટીવી એન્ટેના

(3) કંપાસનાં સાધનોની મદદથી બનતી ભાત કયા પ્રકારની ભાત કહેવામાં આવે છે ?

(A) અલંકૃત ભાત (B) અમૂર્ત ભાત (C) કુદરતી ભાત (D) ભૌમિતિક ભાત

(4) કોઈ એક આકારને વારંવાર વાપરવામાં આવે તેમાં કયો સિદ્ધાંત રહેલો છે ?

(A) પુનરાંકન (B) વિસ્તરણ (C) સમતોલન (D) કુદરતી

(5) રેખા, રંગ કે આકારનું એક દિશા કે ચારે દિશામાં ફેલાઈ જવાને શું કહે છે ?

(A) પુનરાંકન (B) વિસ્તરણ (C) સમતોલન (D) રંગ-સંયોજન

(6) પક્ષીનું પીછું કે પાંદડાની નસો કયા પ્રકારના વિસ્તરણનું ઉદાહરણ છે ?

(A) પાયામાંથી (B) બિંદુમાંથી (C) કેન્દ્રમાંથી (D) ધરીમાંથી

•

| 4 | # ગુજરાતનાં શિલ્પ-સ્થાપત્ય |
|---|---|

શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ ગુજરાત ઘણું જ સમૃદ્ધ છે. સર સિડની કાલ્વિને શિલ્પની વ્યાખ્યા આપી છે કે, ''શિલ્પ એ ઘાટ આપવાની કલા છે.'' શિલ્પમાં પદાર્થનાં ત્રણ પરિમાણો હોય છે : લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ અથવા જાડાઈ. શિલ્પ મોટે ભાગે માટી, ધાતુ, કાષ્ટ કે પથ્થરમાંથી બનાવવામાં આવતા હોય છે. પરંતુ આજનાં આધુનિક શિલ્પો અલગ-અલગ ધાતુ કે વસ્તુમાંથી બનાવેલાં પણ જોવા મળે છે.

**શિલ્પના બે પ્રકાર છે :**

(1) અંશમૂર્ત શિલ્પ (2) પૂર્ણમૂર્ત શિલ્પ.

**(1) અંશમૂર્ત શિલ્પ (Sculpture in the Relief) :** જે શિલ્પમાં આગળનો ભાગ કંડારીને (કોતરીને) ઉપસાવવામાં આવ્યો હોય અને શિલ્પની પૃષ્ઠભાગની ભૂમિ સપાટ હોય એટલે કે કોઈ પણ એકબાજુથી ઘાટ આપવામાં આવ્યો હોય તેવા શિલ્પને અંશમૂર્ત શિલ્પ કહે છે.

**(2) પૂર્ણમૂર્ત શિલ્પ (Sculpture in Round) :** જે શિલ્પને ચારેબાજુ ફેરવીને જોઈ શકાય તે રીતે કંડારીને ઘાટ આપવામાં આવે તે શિલ્પને પૂર્ણમૂર્ત શિલ્પ કહેવામાં આવે છે. આ શિલ્પમાં લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ (કે જાડાઈ) એ ત્રિપરિમાણ (3ડી) જેવી રજૂઆત હોય છે. જેની પ્રદક્ષિણા કરી શકાય તેવી દેવ-દેવીઓની મૂર્તિઓ અથવા નગરના ચોક કે જાહેર માર્ગ પર મૂકવામાં આવેલી પ્રતિમાઓ આ પ્રકારનાં શિલ્પ કહેવામાં આવે છે.

**રુદ્રમહાલય ( The Rudra Mahalaya)**



પાટણ જિલ્લાના સિદ્ધપુર શહેરમાં આવેલ રુદ્રમહાલય સ્થાપત્યકલાનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. સિદ્ધપુર શહેર સરસ્વતી નદીને કાંઠે આવેલું છે. આ રુદ્રમહાલય રાજા મૂળરાજ સોલંકીએ બંધાવ્યો હતો. રાજા સિદ્ધરાજ જયસિંહે પાછળથી તેમાં સમારકામ કરાવ્યું હતું. આજે ખંડેર (ભગ્નાવસ્થા)માં જોવા મળતા શિવમંદિર (રુદ્રમહાલય) જોઈ અસલ રુદ્રમહાલયની કલ્પના કરવી મુશ્કેલ છે. તેના ચાર સ્તંભ તેમજ તેની ઉપરના કલાત્મક કોતરણીકામ ઉપરથી મૂળ મંદિરની ભવ્યતા તથા કલા-સમૃદ્ધિની પ્રતીતિ થાય છે.

પુરાતત્ત્વ ખાતાની માહિતી પ્રમાણે રુદ્રમહાલય બે માળનો હતો અને તેના શિખરની ઊંચાઈ 150 ફૂટની હતી. આ શિવમંદિરના શિખર પર અસંખ્ય સુવર્ણકળશ હતા અને અનેક ધજાઓ ફરકાવી શકાય તેવી વ્યવસ્થા હતી. મનોહર શિલ્પો અને કલાત્મક કોતરણીવાળા રુદ્રમહાલયની આસપાસ દેવકુલિકાઓ હતી. રુદ્રમહાલયના સભામંડપના ઘુમ્મટની કિનારો ઉપર રામાયણ અને મહાભારતના પ્રસંગોનાં સુંદર દૃશ્ય કંડારવામાં આવ્યાં હતાં. આજે જે રુદ્રમહાલય છે એ સમગ્ર રુદ્રમહાલયનો નાનો અંશ છે. રુદ્રમહાલયના ચાર સ્તંભ, ઝરુખા અને પ્રવેશદ્વારના સ્તંભો પર બારીક નકશીકામ જેવી અદ્‌ભુત કોતરણી તથા માનવોની આકૃતિવાળાં સુંદર શિલ્પો ગુજરાતના સોલંકીયુગની સમૃદ્ધ સ્થાપત્યકલાની ઝાંખી કરાવે છે.

## વડનગરનું કીર્તિતોરણ (The Arch of Glory at Vadnagar)

સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું ભવ્ય કીર્તિતોરણ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગરમાં આવેલું છે. આ તોરણ ગુજરાતના બેનમૂન શિલ્પ-સ્થાપત્યની સમૃદ્ધિના પ્રતીક રૂપ ગણાય છે. સોલંકી રાજાઓ પોતાના વિજયની સ્મૃતિરૂપે આવાં કીર્તિતોરણો બંધાવતાં હતાં. આ પ્રકારનાં તોરણો ગુજરાતમાં જ જોવા મળતાં હોવાથી આ તોરણો ગુજરાતની આગવી ઓળખ કહી શકાય. ગુજરાતમાં કપડવંજ, શામળાજી, મોઢેરા, વાલમ, જૂના ડીસામાં સિદ્ધામ્બિકાનું મંદિર તથા પીલુદ્રામાં પણ આ પ્રકારનાં તોરણો આવેલાં છે.



ગુજરાતમાં આવેલાં કીર્તિતોરણો પૈકી વડનગરનું કીર્તિતોરણ ખૂબ પ્રખ્યાત છે. 40 ફૂટની ઊંચાઈ ધરાવતું આ ભવ્ય કીર્તિતોરણ રેતિયા પથ્થર (સેન્ડ સ્ટોન)નું બનેલું છે, જે શર્મિષ્ઠા તળાવ પાસે આવેલું છે. તોરણ એટલે પથ્થરમાં કંડારેલ (કોતરેલ) કમાનોવાળું મંદિરનું પ્રવેશદ્વાર, પથ્થરના સ્થંભો ઉપર ગોઠવેલા તોરણના પાટડા સાથે બે મનોહર કમાનો નાજુક કોતરકામ અને શિલ્પકામથી સભર છે. બંને સ્થંભો ઉપર સુંદર મનુષ્યાકૃતિઓનાં શિલ્પ અને ફૂલવેલનું ઝીણવટભર્યું કોતરકામ છે. તોરણમાં સર્વત્ર હાથી, ગણપતિ અને દેવ-દેવીઓનાં શિલ્પો જોવા મળે છે. લાકડામાં કોતરકામ કર્યું હોય એવું પથ્થર ઉપરનું નકશીકામ એ ગુજરાતના શિલ્પીઓની એક ઉમદા સિદ્ધિ છે. વડનગરનું કીર્તિતોરણ દુનિયામાં અનેરી ભાત પાડે છે. દેશ-પરદેશના હજારો પ્રવાસી આ તોરણ જોવા આવે છે અને ગુજરાતની કલાવારસાનું પ્રતીક એવા વડનગરના કીર્તિતોરણને બિરદાવે છે.

## અડાલજની વાવ (The Vav (Step-well at Adalaj)



અમદાવાદની ઉત્તરે ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામમાં આ વાવ આવેલી છે. પાંચ માળની આ વાવનું બાંધકામ સોલંકી વંશના રાજાઓના સમયમાં થયેલું છે. સ્થાપત્યની દૃષ્ટિએ પાટણની રાણકી વાવને મળતી આવતી આ વાવ સંવત 1499માં રૂડાબાઈએ પોતાના પતિ વીરસિંહની યાદમાં બંધાવી હતી.

પગથિયાંવાળા કૂવાને વાવ કહેવામાં આવે છે. આ વાવનાં ત્રણ પ્રવેશદ્વારો ઉચ્ચ કોટિનાં શિલ્પકામ અને સ્થાપત્યની દૃષ્ટિએ નોંધપાત્ર છે. વાવમાં જેમ-જેમ ઊંડે ઊતરતા જઈએ તેમ-તેમ પગથિયાંની બંને બાજુએ બારીક કોતરણીવાળા આકર્ષક ઝરુખા, દેવ-દેવીઓનાં ગોખલાઓ, માનવ- આકૃતિઓ, ફૂલ-વેલથી અલંકૃત કરેલા થાંભલા (સ્તંભો) તથા તેનું બારીક ઝીણવટભર્યું પથ્થર પરનું કોતરકામ મનોહર અને શ્રેષ્ઠ છે.



ગુજરાતના ભૂતકાળની સમૃદ્ધિનો અણસાર આપતું આ સોલંકી વંશનું સ્થાપત્ય આખા ગુજરાતી સંસ્કૃતિનું પ્રેરણાબળ લાગે છે. ગુજરાતની સંસ્કૃતિ એ સમયે કઈ ઊંચાઈ પર હશે તેનું પ્રતિબિંબ આ સોલંકી વંશના સ્થાપત્યમાં જોવા મળે છે. આ વાવનું સ્થાપત્ય દુનિયામાં આટલા વિકસિત રૂપમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે.

## કાંકરિયું તળાવ (Kankariya lake)

અમદાવાદમાં આવેલું કાંકરિયું તળાવ બંધાયું ત્યારથી આજ સુધી શહેરનું આકર્ષણનું કેન્દ્ર છે. આ તળાવ ગુજરાતના સુલતાન કુત્બુદ્દીને ઈ.સ. 1451માં બંધાવ્યું હતું.



આ તળાવ બંધાયું એ સમયમાં ગુજરાતમાં તળાવો બાંધવાની કળા પૂર્ણતાએ પહોંચી હતી. તળાવની રચના રમણીય છે, તેમાં કલાત્મક બાંધેલાં પગથિયાં, છત્રીઓ, બેઠકો અને વચ્ચે બગીચાવાળા સુંદર તળાવની ગણના ભારતનાં મોટાં નગર-તળાવોમાં થાય છે તેનું મૂળ નામ **હોઝ-એ-કુતુબ** હતું. પણ આજે તેને કાંકરિયા તળાવ તરીકે ઓળખવામાં આવે છે.


આ તળાવની રચના પાટણના સહસ્રલિંગ તળાવને મળતી આવે છે. તળાવના ખોદકામ સમયે કાંકરા જેવા પથ્થરો મળી આવેલા, તેથી તેનું નામ કાંકરિયા તળાવ પડ્યું. 76 એકરના વિસ્તારને આવરી લેતો આ તળાવનો ઘેરાવો લગભગ બે કિલોમીટરનો છે. તળાવનો વ્યાસ લગભગ 650 મીટર જેટલો છે. 190 ફૂટ લાંબા એકસરખા 34 બાજુઓના બહુકોણવાળા આ તળાવની ચારેબાજુએ ઊતરવા માટે બાંધેલાં પગથિયાં છે. તળાવમાં ખારી નદીના કાંસમાંથી પાણી લાવવા અને ખાલી કરવા માટે જૂની ઢબના ગરનાળા અને ગળણી છે. માત્ર પાણીની અવરજવર માટેના ઉપયોગમાં આવતાં આ ગરનાળાં અને ગળણી સુંદર કોતરણીવાળી છે. આ તળાવ પંચ શતાબ્દી નિમિત્તે તે વખતના અમદાવાદના મેયરશ્રી ચીનુભાઈ શેઠના ઉત્સાહ અને પ્રયત્નોથી પુનઃજીવન પામ્યું.



વિશાળ તળાવ કે સરોવર વચ્ચે કરવામાં આવતા બેટને **બક સ્થળ** કહેવામાં આવે છે. આ બક સ્થળ તે **બાગે નગીના** અથવા આજની **નગીના વાડી** તરીકે ઓળખવામાં આવે છે. નગીના વાડીમાં બગીચો અને મહેલ છે. તેમાં જવા માટે પુલ બાંધેલો છે. કાંકરિયાની ચારેબાજુ ચાલવા માટે ફરસબંધીવાળો રસ્તો છે. તળાવની આસપાસ બાળવાટિકા, પ્રાણીસંગ્રહાલય, માછલીઘર અને તળાવમાં નૌકાવિહારની વ્યવસ્થા થઈ છે પરિણામે આજે કાંકરિયા તળાવ સહેલાણીઓનાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

## સીદી સૈયદની જાળી

અમદાવાદની મસ્જિદોમાં કલાત્મક જાળીઓ મુસ્લિમ સ્થાપત્યની એક વિશિષ્ટ સિદ્ધિ છે. અમદાવાદમાં લાલદરવાજા વિસ્તારમાં આવેલી સીદી સૈયદની મસ્જિદ તેની દીવાલમાં આવેલી અત્યંત મનોહર કોતરણીવાળી બે પથ્થરની જાળીઓને લીધે જગતભરમાં ખ્યાતિ પામેલી છે. અમદાવાદ વસાવનાર સુલતાન અહમદશાહના ગુલામ સીદી સૈયદે આ મસ્જિદ ઈ.સ. 1572માં બંધાવી હતી. 11 ફૂટ પહોળી અને 7 ફૂટ ઊંચી, જાડા સળંગ પથ્થરમાં આરપાર કોતરીને બનાવેલી આ જાળીઓનો આકાર લગભગ અર્ધગોળાકાર જેવો છે. આ જાળીઓની અદ્ભુત કારીગરી કોઈ પણ જોનારને આશ્ચર્યથી મુગ્ધ કરે તેવી છે. જાળીમાં વૃક્ષ-વેલની અલંકૃત ભાત સાહજિક લય-વિલય સાથે વહેતી હોય એવી આલેખાઈ છે. આવા જાડા પથ્થરમાં વેલબુટ્ટાનું કોતરકામ જાણે મીણમાં કર્યું હોય એવી મુલાયમતા ધારણ કરે છે. આવી નાજુક અને મનોહર કોતરણીવાળી આ જાળીઓ કલાની



દૃષ્ટિએ દુનિયાભરમાં બેનમૂન છે. કહેવાય છે કે આ મસ્જિદમાં ત્રણ જાળીઓ હતી, જેમાંથી એક જાળી લૉર્ડ કર્ઝને ઇંગ્લૅન્ડ લઈ જવા માટે કઢાવી હતી, પરંતુ મુંબઈ પહોંચતા જ તે ભાંગી ગઈ હતી. આ જાળીઓની લાકડાંની અને ચાંદીની પ્રતિકૃતિઓ બનાવીને દેશ-પરદેશમાં મોકલવામાં આવે છે. વિદેશથી પધારેલા મહાનુભાવોને આ જાળીની પ્રતિકૃતિ યાદગીરી અને માન

સન્માન રૂપે ભેટ તરીકે આપવામાં આવે છે. જડ પથ્થરને પણ સજીવ બનાવી દેતી માનવે સર્જેલી પથ્થરની કારીગરી જાણે કુદરતે જ રચના કરી હોય તેવું શ્રેષ્ઠ સ્થાપત્ય અહીં જોવા મળે છે.



### ઝૂલતા મિનારા (Shaking Minarettes)

ઝૂલતા મિનારા મુસ્લિમ સ્થાપત્યકલાની એક વિશિષ્ટ સિદ્ધિ છે. અમદાવાદની બે મસ્જિદોમાં આવેલા બે મિનારા પૈકી એકને હલાવતાં સામેનો બીજો મિનારો પણ હલે છે જેથી ઝૂલતા મિનારા તરીકે ઓળખવામાં આવે છે.

આ મિનારા અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આવેલી બીબીજીની મસ્જિદ અને સારંગપુરમાં રેલવે-સ્ટેશન પાસે આવેલી સીદીબશીરની મસ્જિદમાં ઝૂલતા મિનારા આવેલા છે. સીદીબશીરની મસ્જિદના બે મિનારા અહેમદશાહના સમયમાં બન્યા હતા. આ બંને મસ્જિદોમાં આવેલા બે મિનારાઓ પૈકી એક મિનારાને હલાવવાથી બીજો મિનારો પણ હલે છે. મિનારા જેવું પથ્થરનું સ્થાપત્ય આ રીતે હલી શકે એ ઘટના જોનારને માટે આશ્ચર્યકારક અને રહસ્યમય લાગે છે. મિનારાની અંદર ચક્રાકાર પગથિયાંઓ આવેલાં છે. પગથિયાં ચઢીને ઉપર જવાય છે. મિનારાના દરેક માળ પર સુંદર કલાત્મક કોતરણીવાળા ઝરુખા છે. આ ઝરુખા નીચે ટોડલામાં સુંદર બારીક કોતરકામ જોવા મળે છે.

મિનારાઓનો ઉપયોગ બાંગ પોકારવામાં થતો હશે. આજના વિજ્ઞાનયુગમાં પણ આ મિનારાઓ શી રીતે ઝૂલે છે તે હજી સુધી શોધી શકાયું નથી. રહસ્યમય સ્થાપત્યકલાના નમૂના રૂપ ઝૂલતા મિનારા એ મુસ્લિમ સ્થાપત્યકલાની આગવી સિદ્ધિ છે.

## સ્વાધ્યાય

### 1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) જે શિલ્પને ચારેબાજુથી કંડારીને ઘાટ આપવામાં આવ્યો હોય તેને કેવું શિલ્પ કહેવાય છે ?

(A) અંશ મૂર્ત (B) પૂર્ણ મૂર્ત (C) આકાર (D) સ્થાપત્ય

(2) કીર્તિતોરણ ક્યાં આવેલું છે ?

(A) મોઢેરા (B) સિદ્ધપુર (C) વડનગર (D) અમદાવાદ

(3) વિશાળ તળાવ કે સરોવર વચ્ચે કરવામાં આવતા બેટને શું કહે છે ?

(A) બક સ્થળ (B) ટાપુ (C) દ્વિપ (D) મુખત્રિકોણ

(4) સીદી સૈયદની જાળી કોણે બંધાવી હતી ?

(A) સીદી સૈયદ (B) અહમદશાહ (C) કુત્બુદીન (D) મહંમદ બેગડા

(5) કયા સ્થાપત્યમાં અસંખ્ય સુવર્ણ કળશો હતા ?

(A) કાંકરિયા તળાવ (B) અડાલજની વાવ (C) કીર્તિતોરણ (D) રુદ્રમહાલય


(6) કયા સ્થાપત્યમાં આવેલા બે મિનારા પૈકી એકને હલાવતા સામે બીજો મિનારો પણ હલે છે ?

(A) સીદી સૈયદની મસ્જિદ (B) ઝૂલતા મિનારા

(C) કીર્તિતોરણ (D) રુદ્રમહાલય

(7) અડાલજની વાવનું બાંધકામ કયા રાજાઓના સમયમાં થયેલું છે ?

(A) મોગલવંશ (B) કુશાણવંશ (C) સોલંકીવંશ (D) પરમારવંશ



# 5 ચિત્રકલાનો કમ્પ્યૂટરમાં રચનાત્મક ઉપયોગ


કમ્પ્યૂટર વિષયની પ્રાથમિક સમજ આજના વિજ્ઞાન અને ટેક્નોલૉજી યુગમાં આવશ્યક અને અનિવાર્ય છે. આજના ઝડપી યુગમાં સમયની સાથે અને સમયની ગતિએ માનવીને તાલ મેળવવામાં કમ્પ્યૂટર અનિવાર્ય બની ગયું છે. કમ્પ્યૂટર દ્વારા કોઈ પણ વિષયવસ્તુ, આકારો અને જાણકારી સરળતાથી પ્રાપ્ત થાય છે. જેથી વિદ્યાર્થીઓને વિષય પ્રત્યે અભિરુચી જાગે છે અને તેની વિચારશક્તિમાં પ્રગતિ થાય છે. ક્યારેક પોતાના વિચારોનું સર્જન કાગળ પર વ્યક્ત ન કરી શકનાર વિદ્યાર્થી કમ્પ્યૂટરની મદદથી પોતાની કલ્પનાની રચનાનું સર્જન કરી શકે છે. આજના ઝડપી વિકાસ અને ગુણવત્તાની અપેક્ષા રાખનાર માનવ માટે કમ્પ્યૂટરનું જ્ઞાન આપણી રોજિંદી જીવનશૈલીમાં ખૂબ જરૂરી છે.

દુનિયાના દેશો આજે વિકાસના પંથે આગળ વધી રહ્યા છે. ભારત દેશ પણ વિકાસશીલ દેશોમાંનો એક છે. વિકાસશીલ દેશને વિકસિત કરવા કમ્પ્યૂટર ખૂબ જ જરૂરી અને સફળ માધ્યમ રહ્યું છે. કમ્પ્યૂટરના માધ્યમથી આજે ચિત્રકલાના ક્ષેત્રે ખૂબ જ વિકાસ થયો છે.

ચિત્રકલાના કૉમર્શિયલ આર્ટમાં સરળતાથી કમ્પ્યૂટરના ઉપયોગ દ્વારા કામ થઈ શકે છે. ડિઝાઇન દોરવી, સિમ્બોલ બનાવવા, જાહેરાત, પ્રિન્ટિંગ કાર્ડ, લેટરપેડ કે ઑફિસ તથા ધંધા-રોજગારલક્ષી પ્રચાર ચિત્રો, 2ડી અને 3ડી આકારો તેમજ 2ડી અને 3ડી એનિમેશન દ્વારા કાર્ટુન ફિલ્મો / પેઇન્ટિંગ તેમજ આપણા રોજબરોજના જીવનમાં ઉપયોગી વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં કમ્પ્યૂટરનો ચિત્રકલામાં કલાત્મક ઉપયોગ થયો છે.

ચિત્રકલામાં રેખા દ્વારા ચિત્ર અને ભાવ વ્યક્ત થાય છે અને રંગકાર્ય દ્વારા ચિત્રકલામાં લાગણી દર્શાવી શકાય છે. આ કાર્યમાં કમ્પ્યૂટર દ્વારા વિવિધતા લાવી શકાય છે. કમ્પ્યૂટરમાં આપણે અલગ-અલગ સૉફ્ટવેર દ્વારા ચિત્ર દોરીને તેમાં રંગ પૂરી શકીએ છીએ. વિદ્યાર્થીજીવનમાં ઉપયોગી તેવા પેઇન્ટ બ્રશ, ફોટોશોપ, કોરલ ડ્રૉ જેવા જાણીતા સૉફ્ટવેર છે. આવાં કેટલાંક સૉફ્ટવેરનો પ્રાથમિક પરિચય મેળવીએ.


## ફોટોશોપ (Photoshop)



ફોટોશોપ સૉફ્ટવેર ફોટોગ્રાફને ડિજિટલ કરવામાં મદદ કરે છે. આ સૉફ્ટવેરમાં ફોટો ઇમેજમાં એડિટિંગ, મિક્સિંગ વધારાની ઈફેક્ટ તથા વેબ લે-આઉટ (Web layout) તૈયાર કરવામાં ખૂબ જ ઉપયોગી છે. ફોટોશોપ મુખ્યત્વે પ્રોડક્ટ પોર્ટફોલિયો, કંપનીની જાહેરાત માટેની બુકલેટ (બ્રોશર્સ) બનાવવા જૂના તથા બગડી ગયેલ ફોટોગ્રાફ સુધારવા, વેબસાઇટ બનાવવા તથા પ્રિન્ટમિડિયા માટે જાહેરખબરોમાં ઘણો જ ઉપયોગ થાય છે. ઈમેજ મિક્સિંગ તેમજ ક્રિએટિવ ઈફેક્ટથી ફોટાને સુશોભિત કરી શકાય છે. અહીં બેથી વધુ વિવિધ ઈમેજ (ચિત્રો) ભેગી કરીને એક નવું સર્જન સરળતાથી થઈ શકે છે. હાલમાં મોડેલિંગ ફોટોગ્રાફ, જાહેરાતની ઈમેજ, 2D-3D પેઈન્ટિંગ ફ્લેક્ષ બેનરમાં પણ ફોટોશોપ સૉફ્ટવેરનો વધુ ઉપયોગ થાય છે.

## કોરલ ડ્રો (Coral Draw) :


આ સૉફ્ટવેરમાં આપણે સરળતાથી લાઇન ડ્રૉઇંગ કરી શકીએ છીએ. રેખાઓ જરૂરિયાત મુજબ જાડી-પાતળી સરળતાથી કરી શકાય છે. કોરલ ડ્રોમાં આકારો દોર્યા પછી તેમાં ફેરફાર કરવાના ઘણા વિકલ્પો મળે છે. જેને તેની બુદ્ધિક્ષમતા દ્વારા



ફેરબદલ કરવાથી મૌલિકતાને મોકળાશ મળે છે. અહીં ચિત્રની ડિઝાઇનમાં, રંગોમાં ફેરફાર કરી શકાય છે. તેમાં વિવિધ પ્રયોગો થઈ શકે છે. રંગ અથવા આકૃતિમાં ટેક્ષ્ચર (પોત) સરળતાથી ભરી શકાય છે. ડિઝાઇનને લાઇટ-ડાર્ક તેમજ જરૂરિયાત મુજબની રંગપદ્ધતિ કરી શકાય છે. ડિઝાઇનમાં એકવાર કરેલું કાર્ય ન ગમતું હોય તો તેને મૂળ સ્થિતિમાં પાછું લાવી શકાય છે. આ સૉફ્ટવેરમાં કંપનીના લોગો (Logo)થી માંડી આર્ટવર્ક (Art work)વાળા ગ્રાફિક્સ (Graphics) બનાવી શકાય છે.


## પેઇન્ટ (Paint)

વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમની એસેસરિઝમાં પેઇન્ટ દ્વારા ચિત્રો દોરી શકાય છે. તેમજ તેમાં કલરો પૂરી આકર્ષક બનાવી શકાય છે. જેમ આપણે પેન્સિલ દ્વારા કાગળ પર આપણી ઇચ્છાનુસાર ચિત્રો દોરી શકીએ છીએ. તે જ પ્રમાણે પેઇન્ટમાં પણ પેન્સિલ ટુલ દ્વારા ઇચ્છિત ચિત્રો દોરી શકાય છે.



## એનિમેશન (Animation)

એનિમેશન (Animation) એટલે સમયની ગતિ પ્રમાણે બદલાતાં ચિત્રો, બીજા શબ્દોમાં કહીએ તો, એનિમેશન નિયત સમયમાં દર્શાવાતી એક પછી એક છબીઓની હારમાળા છે. આ માટે ગતિમાન અસરો દર્શાવતાં ડિજિટલ ચિત્રોને એક પછી એક દર્શાવવામાં આવે છે. એમ કહી શકાય કે ચિત્રિત આકૃતિઓ દ્વારા એનિમેશનની રચના કરવામાં આવે છે. ચિત્ર કે આકૃતિને જીવંત લાગે તેવી બનાવવા સાંખ્યિક છબીઓ (ડિજિટલ ઈમેજ)ને એક પછી એક રજૂ કરવામાં આવે છે. એનિમેશનમાં ઉપયોગમાં લેવાતી છબીઓને પહેલાં તૈયાર કરવામાં આવે છે અને ત્યાર બાદ તેને ક્રમબદ્ધ રીતે દર્શાવવામાં આવે છે. આજે એનિમેશન શબ્દ એ કમ્પ્યૂટરની ડિઝાઈનિંગ દુનિયામાં ઘણો પ્રચલિત શબ્દ છે. આજે બાળકોને ટી.વી.માં જોવા મળતા કાર્ટુન, કાર્ટુન ફિલ્મ એ એનિમેશનને આભારી છે. એનિમેશનને દ્વિ-પરિમાણીય (Two dimensional 2D) કે ત્રિ-પરિમાણીય (Three Dimensional 3D) એમ બે વિભાગમાં વિભાજિત કરી શકાય છે.



### સ્વાધ્યાય

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) આજના ઝડપી યુગમાં સમયની સાથે-સાથે માનવીને કયું સાધન અનિવાર્ય બની ગયું છે ?

(A) કૅમેરો (B) પ્રિન્ટર (C) દૂરદર્શન (D) કમ્પ્યૂટર

(2) ફોટો ઈફેક્ટ અને ઈમેજ મિક્સિંગ માટે કયું સૉફ્ટવેર વધુ ઉપયોગી છે ?

(A) કોરલ ડ્રો (B) ફોટોશોપ (C) એનિમેશન (D) પેઈન્ટ

(3) બાળકોને ટી.વી.માં જોવા મળતા કાર્ટુન, કાર્ટુનની ફિલ્મ શાને આભારી છે ?

(A) કોરલ ડ્રો (B) ફોટોશોપ (C) એનિમેશન (D) પેઈન્ટ

(4) સિમ્બોલ કે લોગો બનાવવા માટે કયા સૉફ્ટવેરનો ઉપયોગ વધુ થાય છે ?

(A) કોરલ ડ્રો (B) ફોટોશોપ (C) એનિમેશન (D) પેઈન્ટ


(5) કયા સૉફ્ટવેરમાં સરળતાથી લાઈન ડ્રૉઈંગ કરી શકાય છે.?

(A) કોરલ ડ્રો (B) પેજમેકર (C) એનિમેશન (D) કૅમેરો

# 6 નામાંકિત ચિત્રકારો

## 1 કલાગુરુ શ્રી રવિશંકર રાવળ

**ઈ.સ. 1892 થી ઈ.સ. 1977**



ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળનો જન્મ : 1-8-1892માં ભાવનગરમાં રાવસાહેબ મહાશંકરને ત્યાં થયો હતો. શાળાનો અભ્યાસ પૂર્ણ કરી, મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં દાખલ થયા. ઈ.સ. 1916માં અંતિમ પરીક્ષામાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનો 'મેયો ચંદ્રક' મળ્યો. બીજે જ વર્ષે બોમ્બે આર્ટ સોસાયટીનો દુર્લભ ગણાતો સુવર્ણચંદ્રક શ્રેષ્ઠ ચિત્ર 'બિલ્વમંગલ' માટે મળ્યો.

એ સમયે મુંબઈમાં યુરોપના ધોરણે અને બંગાળમાં નૂતન કલાના અભ્યુદયનાં દર્શન કરાવતી કલાને વિકસાવવાનું કામ શ્રી અવનિન્દ્રનાથ ટાગોરે કર્યું. ત્યારે ગુજરાતમાં કલાપ્રવૃત્તિ માટે કલાકાર એ સમાજનું એક મહત્ત્વનું અંગ છે, કલા એ જીવનને પોષક છે એવું સ્થાપિત કરવા અને ગુજરાતને કલાપ્રવૃત્તિઓમાં રસ લેતું કરવા ઈ.સ. 1919માં રવિશંકર રાવળે પોતાના ઘર-આંગણે 'ગુરુકુલ' શરૂ કરીને કલાશિક્ષણ આપવાનું શરૂ કર્યું. ઈ.સ. 1935માં ગુજરાત કલાસંઘની સ્થાપના કરી. ભારતીય કલાની વિવિધ કૃતિઓ ગુજરાતના ઘેર ઘેર સુધી પહોંચે અને કલાના સંસ્કાર ગુજરાતમાં વિકસે તે માટે, તેમણે ઈ.સ. 1924માં 'કુમાર' માસિકનું નિર્માણ કર્યું, જે આજપર્યંત ચાલુ છે. બીજા સામયિક દ્વારા કલાવિષયક લખાણો અને કલા વિશે સ્વતંત્ર પુસ્તકો પણ લખ્યાં. 'અજન્ટાના કલામંડપો', કલાચિંતન, કલાકારની સંસ્કારયાત્રા અને આત્મકથાનક જેવાં પુસ્તકો પણ લખ્યાં.

ઈ.સ. 1936માં જાપાનનો ત્રણ માસનો પ્રવાસ, ઈ.સ. 1953માં રશિયાની કલા-પ્રવૃત્તિઓનો અભ્યાસ અને પ્રવાસ, ઈ.સ. 1965 'સોવિયેત લૅન્ડ' નહેરુ ઍવોર્ડ, ઈ.સ. 1965 ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી', ઈ.સ. 1970માં કેન્દ્રીય લલિતકલા અકાદમી તરફથી 'ફેલોશિપ' ઍવોર્ડ તથા તામ્રપત્ર એનાયત થયા. ગુજરાત લલિત કલા અકાદમી, આર્ટ ગેલેરીનો શિલારોપણવિધિ એમના હસ્તે ઈ.સ. 1976માં થયો અને બહુમાન થયું.

તેમનાં જાણીતાં ચિત્રોમાં ચંદ્ર કુમુદ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, કૃષિકન્યા, ચાંદાપોળી, બિલ્વમંગલ, યમનચિકેતા હેમચંદ્રાચાર્ય, મુંજાલ, અખો અને કનૈયાલાલ મુનશીની પાત્રસૃષ્ટિનાં ચિત્રો ખૂબ જ પ્રશંસા પામ્યાં છે. એમની સ્મૃતિમાં અમદાવાદમાં આવેલી લલિતકલા અકાદમીની ગેલેરીનું નામ શ્રી રવિશંકર રાવળ આર્ટ ગેલેરી નામ આપ્યું. તેમનું અવસાન 9 ડિસેમ્બર, 1977ના રોજ થયું.



ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ 'અખો'



ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ 'મુંજાલ'



ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ

1922 માં ગાંધીજી પર અંગ્રેજ સરકારે અમદાવાદ સર્કિટ હાઉસમાં કેસ ચલાવ્યો તે પ્રસંગે કોર્ટમાં હાજર રહી કરેલો સ્કેચ



ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ


યમ-નચિકેતા



ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ　　નરસિંહ મહેતા




ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ　　મીરાંબાઈ



ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ 'ચાંદાપોળી'

# 2 શ્રી સોમાલાલ શાહ

## ઈ.સ. 1905 થી ઈ.સ. 1994



શ્રી સોમાલાલ શાહનો જન્મ તા. 14-2-1905 માં ખેડા જિલ્લાના કપડવંજમાં થયો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાં જ લઈ મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં અભ્યાસ કર્યો. વડોદરાના કલાકાર શ્રી પ્રમોદકુમાર ચેટરજી પાસે વધુ અભ્યાસ કર્યો. તેથી તેમને કલાગુરુ તરીકે સ્વીકાર્યા. અને બંગાળ શૈલીના પ્રભાવથી કોલકાતા પ્રયાણ કર્યું અને ઓરિએન્ટલ આર્ટ સોસાયટીમાં શ્રી અવનિન્દ્રનાથ ટાગોરના માર્ગદર્શનમાં વિશેષ શિક્ષણ લીધું. તેથી બંગાળી કલા અને ભારતીય કલાશૈલી તેમના શિક્ષણનો પાયો બની.

શ્રી સોમાલાલ શાહને સૌરાષ્ટ્રમાં ભાવનગરની 'દક્ષિણામૂર્તિ' લોકશાળાના કલાશિક્ષક તરીકે વર્ષો સુધી સેવા કરવાની તક મળી. આ સમય દરમિયાન સૌરાષ્ટ્રના ધબકતા લોકજીવનને પોતાનાં ચિત્રોમાં તાદૃશ્ય કર્યું. સૌરાષ્ટ્રના ભૂમિપાત્રો જેવાં કે, દૂધની તાંબળિયો લઈ જતી ગોવાલણો, મેળા, ગોધુલી સમય, ગોહીલવાડાના રાજપૂતોની દૈનિક પ્રવૃત્તિઓ વગેરે પાત્રોને તેમજ પૌરાણિક પાત્રોને આકર્ષક રીતે ચિત્રાંકિત કર્યાં છે. પ્રસંગને અનુરૂપ રંગ, રેખા અને સંયોજન એ તેમનાં ચિત્રોની વિશેષતા છે.


શ્રી સોમાલાલ શાહ પક્ષીઓના સારા ચિત્રકાર હતા. તેમણે ભાવનગરના નરેશના નાનાભાઈ ધર્મેન્દ્રકુમાર સિંહની પ્રેરણાથી ત્રણસો પક્ષીચિત્રોની ચિત્રાવલીનો સંપુટ, તેમની યશકલગી સમાન છે જે ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યાં. જીવનના આખરી પળ સુધી ચિત્રસર્જન કર્યું. તેઓ રંગના રાજા તરીકે ઓળખાય છે.

ઈ.સ. 1926માં સાહિત્ય પરિષદે તેમને સુવર્ણચંદ્રક, ઈ.સ. 1949માં રણજીતરામ સુવર્ણચંદ્રક, ઈ.સ. 1968માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનો ગૌરવ પુરસ્કાર, ઈ.સ. 1989માં ગુજરાત રાજ્યનો ''પદ્મશ્રી રવિશંકર રાવળ'' રૂપિયા એક લાખનો પુરસ્કાર તેમજ ભાવનગર યુનિવર્સિટીએ રજતપત્ર અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

તેમનાં જાણીતાં ચિત્રોમાં ભયગ્રસ્ત હરણાં, વીણાનો મૃગ, છૈયો, વણઝારા, યક્ષકાન્તા, પૂજારણો, મેળાનો માનવી, કુંભકાર, નંદ ઘેર આનંદ ભયો, ગોવાલણો, કર્ણ, નાગદમન, દેવયાની, અહલ્યા વગેરે. તેમના ચિત્રો 'જનકલ્યાણ' સામયિક ટાઇટલ ચાર પર પ્રગટ થતાં રહ્યાં છે.

તેઓ 88 વર્ષની જૈફ વયે ચિત્રનાં સર્જનો કરતાં રહ્યા અને તા. 12-11-1994ના રોજ તેમનું અવસાન થયું.

•



ચિત્રકાર : શ્રી સોમાલાલ શાહ 'ગોવાલણો'



ચિત્રકાર : શ્રી સોમાલાલ શાહ 'યક્ષકાન્તા'



ચિત્રકાર : શ્રી સોમાલાલ શાહ 'નંદ ઘેર આનંદ ભયો'




ચિત્રકાર : શ્રી સોમાલાલ શાહ 'કુંભકાર'



ચિત્રકાર : શ્રી સોમાલાલ શાહ 'ઝરણાંનાં નીર'




ચિત્રકાર : શ્રી સોમાલાલ શાહ 'પૂજારણો'



ચિત્રકાર : શ્રી સોમાલાલ શાહ 'મેળાનો માનવી'

# 3 શ્રી યજ્ઞેશ્વર શુક્લ

## ઈ.સ. 1907 થી ઈ.સ. 1986



શ્રી યજ્ઞેશ્વર શુક્લનો જન્મ ઈ.સ. 1907માં અમદાવાદમાં થયો. પિતા કલ્યાણજીભાઈ ચિત્રશિક્ષક હતા. તેથી વારસાગત સંસ્કારો સાથે શરૂઆતનું કલાશિક્ષણ કલાગુરુશ્રી રવિશંકર રાવળ પાસે અમદાવાદમાં લીધું. ઈ.સ. 1934માં મુંબઈ સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટનો ડિપ્લોમા મેળવ્યો અને શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનો 'મેયો ચંદ્રક' પણ મળ્યો. રોયલ ઍકેડમી ઑફ ફાઈન આર્ટ, રોમમાં અભ્યાસ અને ડિપ્લોમા ઈન ચાઈનિઝ પેઈન્ટિંગ પેકિંગ યુનિવર્સિટીમાં કર્યું.

તેમનાં ચિત્રોમાં ભારતીય, ઈટાલિયન અને ચાઈનિઝ કલા-પદ્ધતિઓની અસર જોવા મળતી રહી છે. મુંબઈ કલાશાળામાં શ્રી જગન્નાથ અહિવાસી જેવા પ્રેમાળ શિક્ષકને હાથે ચિત્રની તાલીમ પામ્યા હોઈ એમની કલામાં ભારતીયતાના પ્રાણ સિંચાયા. ચાઈનિઝ કલાના અભ્યાસને પરિણામે તેમની દૃશ્યચિત્રની કલામાં કાવ્યમયતા અને ટોનની સૂઝ જોવા મળે છે.

શ્રી યજ્ઞેશ્વર શુક્લે કલાનાં અનેકવિધ માધ્યમમાં સફળતાથી કામ કર્યું છે. વૉટરકલર, ઑઈલ કલર ચિત્રો જ નહિ પણ ઈચિંગ, વુડકટ અને લીનોકટ જેવી ગ્રાફિક કલામાં તેમની સિદ્ધિ નોંધપાત્ર રહી છે. એમની શક્તિનો પરિચય રેખાની મૃદુતામાં અને ઈચિંગમાં ખાસ જોવા મળે છે. તેઓ નૂતનકલા પ્રવાહોથી માહિતગાર હતા. સાથે-સાથે સક્રિય અને પ્રયોગશીલ રહી કલાસર્જન કરતા રહ્યા. શિલ્પકલામાં પણ કાર્ય કરેલ.

મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં વર્ષો સુધી કલા-અધ્યાપક રહ્યા. ત્યાર બાદ ગુજરાત રાજ્યમાં પ્રથમ કલા નિરીક્ષક રહ્યા. ગુજરાત લલિતકલા અકાદમીના પ્રથમ સેક્રેટરી બન્યા. નિવૃત્તિ બાદ વનસ્થલિ (રાજસ્થાન)માં ચિત્રકલા વિભાગના અધ્યાપક અને અધ્યક્ષ હતા. ચિત્રકલાના અધ્યાપક તરીકે સ્વભાવે નમ્ર હોવાથી તેઓ વિદ્યાર્થીઓમાં ખૂબ માનભર્યું સ્થાન મેળવી શકેલા. ઈ.સ. 1936માં પૂણે ફાઈન આર્ટ સોસાયટીનો સુવર્ણચંદ્રક મેળવ્યો. ઈ.સ. 1976માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ તેમનું સન્માન કર્યું.


તેમનાં જાણીતાં ચિત્રોમાં નવવસંત, મ્યુરલ, પોટ્રેઈટ, ટોઈલેટ, દાણલીલા, માછીમાર, પ્રસન્ન જીવન, અભિસારિકા વગેરે છે. તેઓનાં ચિત્રો પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ મુંબઈ, સચિવાલય મુંબઈ, નેશનલ ગેલેરી ઑફ મોર્ડન આર્ટ દિલ્લી, વડોદરા મ્યુઝિયમ અને રાજભવન અમદાવાદમાં સંગ્રહાયા છે.

તેઓનું અવસાન તા. 15મી ફેબ્રુઆરી, 1986ના રોજ થયું.



'રેખાંકન'

ચિત્રકાર : શ્રી યજ્ઞેશ્વર શુક્લ



ચિત્રકાર : શ્રી યજ્ઞેશ્વર શુક્લ 'નવ વસંત'



ચિત્રકાર : શ્રી યજ્ઞેશ્વર શુક્લ 'દાણલીલા'



ચિત્રકાર : શ્રી યજ્ઞેશ્વર શુક્લ

'પોર્ટ્રેટ'




ચિત્રકાર : શ્રી યજ્ઞેશ્વર શુક્લ

'જાપાનિઝ લેડી'

# 4 શ્રી રસિકલાલ ન. પરીખ

## ઈ.સ. 1910 થી ઈ.સ. 1982



શ્રી રસિકભાઈનો જન્મ 16 મે, 1910માં રાજપીપળા સ્ટેટના વાલિયા ગામમાં થયો હતો. માતા પાર્વતીબહેન અને પિતા નરસિંહરાવ તેઓ મામલતદાર હતા. નોકરીમાં ફેરબદલીઓ થતાં રાજપીપળા રહેવાનું થયેલું. અભ્યાસ પણ ત્યાં જ થયો. શરૂઆતથી જ અભ્યાસમાં તેજસ્વી નહિ, પણ ચિત્રની લગની ઘણી જ, તળાવકિનારે જઈ માટીનાં રમકડાં બનાવવા. વાંસમાંથી પાવો બનાવવો વગેરે ખૂબ જ ગમે. કલા પ્રત્યે પ્રેમ જોઈ તેમના મોટાભાઈ નગીનભાઈએ તેમને અમદાવાદ કલા-અભ્યાસ માટે શ્રી રવિશંકર રાવળ પાસે મૂક્યા. ત્યાર બાદ રવિશંકર રાવળના માર્ગદર્શનથી ચેન્નઈમાં શ્રી દેવી પ્રસાદરાય ચૌધરી પાસે ચિત્રકલા અને શિલ્પકલાની તાલીમ લીધી. ત્યાર બાદ મુંબઈમાં સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં શ્રી જગન્નાથ અહિવાસી જેવા નામાંકિત કલાકાર પાસે કલાનું શિક્ષણ લીધું અને સૌના પ્રિય પાત્ર રહ્યા.

ઈ.સ. 1930માં ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ પ્રદર્શનમાં પેન ડ્રૉઈંગ માટે ઍવોર્ડ, ઈ.સ. 1933માં ડિપ્લોમા પેઈન્ટિંગમાં ફસ્ટ ક્લાસ ફસ્ટ આવ્યા. ઈ.સ. 1936માં બોમ્બે આર્ટ સોસાયટીનો સુવર્ણચંદ્રક, ઈ.સ. 1942માં ગુજરાત સાહિત્ય સભાનો રણજીતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ. 1971માં ગુજરાત સરકારે તામ્રપત્ર અને શાલ ઓઢાડી બહુમાન કર્યું. શેઠ સી. એન. વિદ્યાવિહારમાં ઈ.સ. 1934થી જોડાયા અને ઈ.સ. 1974માં નિવૃત્ત થયા.

રસિકભાઈનાં ચિત્રોના વિષયો ગુજરાતના લોકજીવનમાંથી પોતે કરેલા સ્કેચિઝમાંથી બનાવતા. તેમની શૈલી સેમી રિયાલિસ્ટિક વોશ મૅથડ હતી. વિષયની રજૂઆત સચોટ, ગોઠવણી લાવણ્યપૂર્ણ, રંગો-પ્રસંગો-ચિત્ર અને આંખને ગમે તેવા, માતા અને બાળકોવાળાં ઘણાં ચિત્રસર્જન કર્યાં છે. લૅન્ડસ્કેપ પણ કર્યાં છે. સ્કેચિઝને તેઓ ખૂબ જ મહત્ત્વ આપતા હતા. શિલ્પકલાની ઉત્તમ કૃતિઓનું પણ તેમણે સર્જન કર્યું છે. 'કલાસાધના' ચિત્રસંગ્રહ પ્રગટ કર્યો છે. 'રેખાંકન' રસિકલાલ પરીખ તેમની દીકરી ચિત્રકાર શ્રી ઉર્મિ પરીખે સંકલન કરી પ્રગટ કરેલ છે.

ઈ.સ. 1971ના 'કુમાર' ફેબ્રુઆરીમાં શ્રી રવિશંકર રાવળે નોંધ્યું છે કે, આજે શેઠ સી. એન. કલાવિદ્યાલયે આખાય દેશમાં તેના સંસ્કાર અને શિક્ષણની જે કીર્તિ મેળવી છે તેમાં રસિકભાઈનો પ્રમુખ ફાળો છે. નિષ્ઠાપૂર્વકના અધ્યાપન અને વિદ્યાર્થી પ્રત્યેની મીઠી વાત્સલ્યતાથી ગુજરાતની કલાસૃષ્ટિમાં મૂલ્યવાન ફાળો આપ્યો છે.

તેમનાં જાણીતાં ચિત્રોમાં દેવદાસી, ગરીબનું સ્વર્ગ, ભાઈના ઘોડલો, ઢીંગલી, નવધાન્ય, સુખી કુટુંબ, મા ના હેત, બુદ્ધ-સુજાતા, પનઘટ, ઘરનો પોપટ, સાગરબાળ, ઝરુખે, યુવા વૃદ્ધાવસ્થા ભારતના જુદા-જુદા સંગ્રહાલયમાં છે.

તેઓનું અવસાન 23 જૂન, 1982ના રોજ થયું.

•



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'નવધાન્ય'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'માઈના ઘોડલા'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ

'ઘરની સેવા (વૂડકટ)'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ


'સુખી કુટુંબ'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'મા ના હેત'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'બુદ્ધ - સુજાતા'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'દેવદાસી'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'પનઘટ'




ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'શકુંતલા'



ચિત્રકાર : શ્રી રસિકલાલ પરીખ 'વ્યક્તિ ચિત્ર'

# 5 શ્રી બંસીલાલ વર્મા 'ચકોર'

## ઈ.સ. 1917 થી ઈ.સ. 2003



કાર્ટુનિસ્ટ ચિત્રકાર શ્રી બંસીલાલ વર્માનો જન્મ : 23-11-1917 ના રોજ ગુજરાતના તારંગાહિલ પાસેના ચોટિયા ગામમાં થયો હતો. પિતાનું નામ ગુલાબરાય અને માતાનું નામ જમનાગૌરી. તેમનો અભ્યાસ મહંતશ્રીની આશ્રમશાળામાં થયો. ઈ.સ. 1933માં ચિત્રકલાના અભ્યાસ માટે અમદાવાદ આવ્યા. ઈ.સ. 1935માં ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળની ચિત્રશાળામાં જોડાયા. તે જ અરસામાં શ્રી ગુલઝારીલાલ નંદા તથા શંકરલાલ બેન્કરના આગ્રહથી લખનૌમાં યોજાયેલ કૉંગ્રેસના અધિવેશનમાં ચિત્રકાર તરીકે સેવાઓ આપી. ઈ.સ. 1937માં નવા શરૂ થતા 'નવ સૌરાષ્ટ્ર માસિક'માં જોડાઈને ગુજરાતમાં કટાક્ષ ચિત્રકળાનો પાયો નાખ્યો.

તેઓએ માત્ર કાર્ટુનિસ્ટ તરીકે જ નહિ પરંતુ ચિત્રકાર તરીકે પણ કલાક્ષેત્રમાં યોગદાન આપ્યું છે. પ્રસિદ્ધ અખબારો અને સામયિકોમાં તેમણે ચિત્રોનું કામ કર્યું. ઈ.સ. 1942થી ઈ.સ. 1945 દરમિયાન 'ભારત છોડો' આંદોલનમાં કટાક્ષ ચિત્રો દોરી અંગ્રેજ હકૂમતને હચમચાવી મૂકી હતી. ઈ.સ. 1948માં મુંબઈ ગયા અને 'જન્મભૂમિ' વર્તમાનપત્રમાં કાર્ટુનિસ્ટ તરીકે જોડાયા. જન્મભૂમિની રજતજયંતી ટાણે પંડિત જવાહરલાલ મુંબઈ આવેલા અને રાજાજીનું ચકોરે દોરેલું કેરિકેચર તેમને પસંદ પડેલું અને મંગાવી લીધેલું અને લખ્યું, 'મેં જોયેલાં સર્વોત્તમ કાર્ટુનોમાંનું આ એક છે. ઈ.સ. 1959માં જન્મભૂમિ દૈનિક છોડી ધી પ્રેસ જર્નલ દૈનિકમાં જોડાયા. ઈ.સ. 1978માં અમદાવાદના 'સંદેશ'માં કાર્ટુનિસ્ટ તરીકે જોડાયા. ત્યારથી ઈ.સ. 2002માં નિવૃત્ત થયા ત્યાં સુધી તેમના કટાક્ષચિત્રો છપાતાં રહ્યાં.

ચકોરને કવિતાઓ, વાર્તાઓ લખવાનો પણ શોખ. તેમનો મુખ્ય શોખ નાટકનો. તેમણે અનેક નાટકોમાં અભિનય આપ્યો. રંગભૂમિની આઇ.એન.ટી. સંસ્થા દ્વારા નાટકોમાં અભિનય તેમજ દિગ્દર્શન પણ કર્યું.

તેના કારણે ઇલેસ્ટ્રેશન અને કાર્ટુનમાં એક્શન અને ભાવ-નિરૂપણ યથાર્થ લાવી શકતા. પરિણામે તેમના કાર્ટુનમાં જીવંતતા જોવા મળતી. કલ્યાગરો કંથ, મનુની માસી અને મારી હેલ ઉતારો રાજ જેવી ત્રણ ફિલ્મોનું આર્ટ ડિરેક્શન પણ કરેલું. રોજબરોજના પ્રસંગો પરથી દોરાતાં કાર્ટુનોએ લોકોમાં એક પ્રકારની ચાહના પેદા કરી અને એક ચિત્રકાર તરીકે લોકહૈયામાં સ્થાન પામ્યા.

તેમનું સન્માન અનેક સંસ્થાઓ દ્વારા થયું. ઈ.સ. 1971માં ગુજરાત લલિતકલા અકાદમીએ સન્માન કર્યું અને ₹1000/-નો ઍવોર્ડ તે જ દિવસે શરૂ થયેલ બાંગ્લાદેશ વૉરફંડમાં આપી દીધો. ઈ.સ. 1989માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સન્માન. ગુજરાત સરકાર દ્વારા ચિત્રકાર રવિશંકર રાવળ ઍવોર્ડ તથા એક લાખ રૂપિયા મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલના હસ્તે એનાયત થયા. ઈ.સ. 1997માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા આઝાદીની સુવર્ણ જયંતી નિમિત્તે 'નગરભૂષણ' ઍવોર્ડથી વિભૂષિત કરવામાં આવ્યા. ઈ.સ. 1967માં કૅનેડાના મોન્ટ્રિયલ શહેરમાં ભરાયેલા આંતરરાષ્ટ્રીય કાર્ટુનમેળામાં ઍવોર્ડ અને આમંત્રણ પ્રાપ્ત થયું.

જીવનકાળનાં છેલ્લાં વર્ષોમાં તેમણે ગુજરાતના કલાકારોને સંગઠિત કરીને ઈ.સ. 1994માં 'ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ ઍસોસિયેશન'ની સ્થાપના કરી. જીવંતપર્યંત સુધી પ્રમુખ પદની જવાબદારી વહન કરી.

'નમસ્તે કરતી સ્ત્રી'નું રેખાચિત્ર તેમનાં ચિત્રોમાં ખૂબ જ જાણીતું, જે લોકભોગ્ય બની ગયું. તા. 8-9-2003ના રોજ શ્રી બંસીલાલ વર્માનું અવસાન થયું.





ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા

દુનિયાભરમાં ભારતીય સંસ્કૃતિના પ્રતીકસમુ આ ચિત્ર માનભેર સ્થાન પામેલ છે. શું તમે જાણો છો કે, આ ચિત્રના સર્જક આપણા સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી બંસીલાલ વર્મા 'ચકોર' છે?

આજે આનો ચિત્રકાર ખોવાઈ ગયો ને ચિત્ર પ્રજાનું થઈ ગયું છે.




ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા



ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા




ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા 'હોળી'




ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા


'અકબર-બીરબલ'




ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા





ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા




ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા






અક્ષર-આલેખન 'ગાંધીજી' અક્ષર-આલેખન કલાગુરુ શ્રી રવિશંકર રાવળ

ચિત્રકાર : શ્રી બંસીલાલ વર્મા

# 6 શ્રી જશુભાઈ નાયક

## ઈ.સ. 1925 થી ઈ.સ. 2014



ચિત્રકાર શ્રી જશુભાઈ બી. નાયકનો જન્મ તા. 19 ડિસેમ્બર, 1925માં ગુજરાતના વલસાડ જિલ્લાના ગણદેવી તાલુકાના મોહનપુર ગામમાં થયો હતો. બાળપણથી ચિત્રકલા પર સુંદર કાબૂ ધરાવતા. પિતા ખેડૂત અને ચુસ્ત ગાંધીવાદી તેથી કલાની સાથે સાદગી, સત્યપ્રિયતા, કર્તવ્યનિષ્ઠા અને સમાજસેવા જેવા સંસ્કારો વારસામાં મળ્યા. ચાલુ અભ્યાસે ઈ.સ. 1942ની ચળવળમાં શાળા છોડી, સ્વતંત્રતાની લડતમાં જોડાયા અને ફરી અભ્યાસ અર્થે જોડાયા અને મેટ્રિકની ઉપાધી મેળવી, અમલસાડની હી. ધૂ. સાર્વજનિક હાઈસ્કૂલમાં જોડાયા. શાળાના આચાર્યશ્રીના પ્રોત્સાહનથી સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ, મુંબઈ દ્વારા ડી.ટી.સી, એ.એમ (આર્ટ માસ્ટર) અને ડિપ્લોમાની પદવી મેળવી.

કલાના વિદ્યાર્થીઓને કલા-અભ્યાસમાં મુશ્કેલી ન પડે તે હેતુસર ‘કલા વિદ્યાલય’ અમલસાડની સ્થાપના ઈ.સ. 1963 શરૂ કરી અને 31 મે, 1984માં નિવૃત્ત થયા ત્યાં સુધી આચાર્યપદે ચાલુ રહ્યા. નિવૃત્તિ-સન્માન પદ્મશ્રી એન. એસ. બેન્દ્રે દ્વારા મળ્યું. વલસાડ ચિત્રસંઘની સ્થાપના પણ કરી અને ઈ.સ. 1978માં ‘રૂપદા’ દક્ષિણ ગુજરાત કલાવૃંદની સ્થાપના કરી. આજીવન તેના પ્રમુખ રહ્યા.

ચિત્રકલાનાં જુદાં-જુદાં માધ્યમો જેવાં કે પેન્સિલ, પેન, વૉટરકલર, ઑઈલકલર દ્વારા ઉત્તમ પ્રકારનાં સર્જનો કરેલાં જોવા મળે છે. વૉટરકલરમાં દૃશ્યચિત્રો, નેચર, વ્યક્તિચિત્રોમાં પારદર્શકતા, સફળતાપૂર્વક યોજેલા રંગો, પ્રકાશ અને જીવંતપણું મંત્રમુગ્ધ કરી દે છે. ત્વરાલેખન, આવેગપૂર્ણ, પ્રભાવશાળી, બૉલ્ડ શૈલીથી હજાર કરતાં વધારે સંખ્યામાં વ્યક્તિચિત્રો તેમાં સંતો અને રાજકીય નેતાઓનો પણ સમાવેશ થાય છે. ‘પોટ્રેટ’ના રાજા તરીકે જાણીતા બન્યા. તેઓ માટીકામ અને શિલ્પકામમાં પણ એટલા જ કુશળ. જુદાં-જુદાં માધ્યમોમાં ભીંતચિત્રો સરળતાથી કરી શકતા.

ઈ.સ. 1997માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનો ગૌરવ પુરસ્કાર ઈ.સ. 1999માં ઑલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ તથા ક્રાસ્ટ સોસાયટીનું શાલ અને ચાંદીનું માનપત્ર મળ્યું.


નિવૃત્તિ બાદ કલાસંઘ દ્વારા યોજિત સેમિનાર, શિબિરો તથા પ્રદર્શનોમાં વિષયના નિષ્ણાત તરીકે સેવાઓ આપી અને ઈ.સ. 2006 માં ‘ગુજરાત કલા પ્રતિષ્ઠાન’ ની સ્થાપના કરી.

શ્રી જશુભાઈ નાયક નિરાળું વ્યક્તિત્વ ધરાવતા સારા ચિત્રકાર અને આદર્શ કલાગુરુ પ્રભાવશાળી વક્તા અને વ્યક્તિ વિશેષ હતા.

તેમનાં ચિત્રોમાં રંગ અવધૂત, નાગદમન, કાવડિયા, પનઘટ, કૃષ્ણલીલા, મીરાંનું વિષપાન, પોટ્રેટમાં જાણીતા સંત ઓશો રજનીશ, સત્ય સાંઈબાબા, મોરારજીભાઈ દેસાઈ, ચિત્રકાર વાસુદેવ સ્માર્ત, ગાંધીજી અને અટલબિહારી બાજપેયીનો સમાવેશ થાય છે.

શ્રી જશુભાઈનું અવસાન તા. 17-3-2014માં ધૂળેટીના દિવસે થયું.

•



ચિત્રકાર : શ્રી જશુભાઈ નાયક 'ગાંધીજી'




ચિત્રકાર : શ્રી જશુભાઈ નાયક 'રંગ અવધૂત'



ચિત્રકાર : શ્રી જશુભાઈ નાયક 'નાગદમન'



ચિત્રકાર : શ્રી જશુભાઈ નાયક 'કાવડિયા'

# 7 શ્રી ખોડીદાસ પરમાર

## ઈ.સ. 1930 થી ઈ.સ. 2004



શ્રી ખોડીદાસ ભાયાભાઈ પરમારનો જન્મ 31 જુલાઈ, 1930ના રોજ ભાવનગરના કારડિયા રાજપૂત પરિવારમાં થયો હતો. 1948થી 1951 સુધી શ્રી સોમાલાલ શાહ પાસેથી કલાનું શિક્ષણ લીધું. 1969માં એમ.એ. ગુજરાતી અને સંસ્કૃતની પદવી પ્રાપ્ત કરી. 1971થી વળિયા આટ્ર્સ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે, 1985થી ભાવનગર યુનિવર્સિટીમાં પી.એચ.ડી.ના માર્ગદર્શક (ગાઇડ) તરીકે 1990માં નિવૃત્ત થયા ત્યાં સુધી સેવાઓ આપી.

શ્રી ખોડીદાસ ભાયાભાઈ પરમારે કોઈ કલાશાળામાં પદ્ધતિસરની તાલીમ લીધી ન હતી. પરંતુ પોતાની કલાને ઘણી ઊંચી કક્ષાએ પહોંચાડનાર એ કલાકારનો જીવનમંત્ર હતો. 'યોગઃ કર્મશુ કૌશલમ્' ચિત્રકલાની સાધનાને જ તે ભક્તિ માનતા. કોઈ તેમને 'ધરતીનો ચિત્રકાર' કહે તો કોઈ 'લોકકલાનો ઉપાસક'. શ્રી રવિશંકર રાવળ કહેતા કે, 'તેમણે સૌરાષ્ટ્રની લોકકલા'નું તેજ પારખ્યું છે.


બંગાળના જૈમિની રૉયની જેમ તે કલાના મૂળને પામ્યા, સમજ્યા અને તે રસ્તો સ્વીકાર્યા બાદ પોતાની આગવી કેડી કંડારી. નાનપણમાં કાપડ પર થતું ભરતકામની ઊંડી અસર પડી. સૌરાષ્ટ્ર-કચ્છમાં જીવાતા લોકજીવન અને લૌકિક કલાકારી તેમનો પ્રેરણાસ્રોત રહ્યો. આ પ્રકારની કલા-કારીગરીમાં ધ્વનિત થતાં લક્ષણો તેમની કૃતિઓમાં સહજપણે પ્રતિબિંબ થાય છે. વિષયનું પુનરાવર્તન, ખીચોખીચ સંયોજન, નહિવત્ અવકાશ, દ્વિ-પરિણામી રચના, તેજસ્વી અને ઘેરારંગો, નકશી સુશોભન, ઝીણવટ અને જોરદાર જાડી-પાતળી રેખાઓ એ મુખ્ય લક્ષણો જોઈ શકાય છે.

બીજી આલેખન-પદ્ધતિમાં લોકકલાકારો દ્વારા ચિત્રિત પ્રતીકો વગેરે રૂપાંકનોનું સીધું જ અનુકરણ નહિ પણ આવાં ચિત્રણમાં રહેલ સૌંદર્યને પ્રમાણીને એના ઉપર સર્જિત કરેલી રચનાઓ, વલોણું, રેલગાડી, ગોપિકા હાથી અને શ્રી ગણેશ વગેરે મુખ્ય છે. તેમણે ભીંતચિત્રો પણ કરેલાં છે. તેમણે લોકકલાનો અભ્યાસ કરી 18 પુસ્તકો આપ્યાં. છેલ્લે તેમણે પોતાનાં સંસ્મરણો 'ધરતીના ચિત્રકાર' પુસ્તક આપ્યું.

તેમને દિલ્લીનો નેશનલ ઍવોર્ડ 1957, આઇ ફેક્સ ન્યૂ દિલ્લીના આઠ પારિતોષિક, કાલીદાસ સમારોહ ઉજ્જૈનના સાત પારિતોષિક, બોમ્બે આર્ટ સોસાયટીનું પારિતોષિક, મેઘાણી લોકસંસ્કૃતિનો લાખ રૂપિયાનો પુરસ્કાર, આઇ ફેક્સ ન્યૂ દિલ્લીનો 'કલાશ્રી' ઍવોર્ડ, એમિનેટ ફેલોશિપ ગુજરાત લલિતકલા, ગાંધીનગર અને ગુજરાત લલિતકલા ગૌરવ પુરસ્કાર એનાયત થયેલ છે.

તેમનાં જાણીતાં ચિત્રોમાં શકુંતલા, મેળા, કૃષ્ણલીલા, રામકથા અને કાલીદાસના પાત્રો ગોવાલણો, ઘેરૈયા, દર્શન, જશોદાનો લાલ, શિકારી, સ્નાનમુગ્ધા, વસંતશ્રી વગેરે છે.

એક લોક ચિત્રકાર તરીકે દેશમાં તેમનું સ્થાન છે. તેમનું અવસાન ઈ.સ. 2004 માં થયું.



ચિત્રકાર : શ્રી ખોડીદાસ પરમાર 'શકુંતલા'



ચિત્રકાર : શ્રી ખોડીદાસ પરમાર 'જશોદાનો કાનો'



ચિત્રકાર : શ્રી ખોડીદાસ પરમાર 'વસંતશ્રી'



ચિત્રકાર : શ્રી ખોડીદાસ પરમાર 'જશોદાનો લાલ'



'દર્શન'

ચિત્રકાર : શ્રી ખોડીદાસ પરમાર




'ઘેરૈયા'

ચિત્રકાર : શ્રી ખોડીદાસ પરમાર

# 8 શ્રી નટુભાઈ પરીખ

## જન્મ તા. 14-01-1931



શ્રી નટુભાઈ પરીખ કલાજગતમાં નટુ પરીખના ટૂંકા નામથી ઓળખાય છે. તેમનો જન્મ 14 જાન્યુઆરી, 1931માં ખેડા જિલ્લાના બાંધણી ગામમાં થયો. માતા સમુબહેન, પિતા જેઠાલાલ પરીખ, ધીરધારનો ધંધો અને કરિયાણાની દુકાન ચલાવતા. રાત્રે સુશોભનો માટે ક્રાફ્ટ અને દિવાળીમાં સુંદર રંગોળી પણ પૂરે. પિતાની ઈચ્છા દીકરાને વકીલ બનાવવાની હતી. સાત ધોરણ સુધીનો અભ્યાસ ગામની શાળામાં, શાળાના આચાર્યશ્રી હરમનભાઈએ જોયું કે, નટુભાઈ ચિત્રમાં આગળ છે તેથી તેમણે દાદા અમૃતલાલને કહ્યું, 'આ છોકરાને અમદાવાદ સી. એન. વિદ્યાલયમાં મૂકો તો ત્યાં ચિત્રકાર રસિકલાલ પરીખ છે. ઉદ્યોગ તરીકે ચિત્રવિષય લીધો. ચિત્રમાં ઓળઘોળ થયા અને શાળાના સમયમાં ખૂબ ચીતર્યું. ત્યાર બાદ ગુજરાત કૉલેજમાંથી બી.એ. ગુજરાતી સાથે થયા અને પીજ ગામની શાળામાં કલાશિક્ષક તરીકે જોડાયા.

પાંચ વર્ષની નોકરી છોડી વડોદરા જવા વિચાર્યું. શિલ્પકાર શ્રી કાંતિલાલ કાપડિયાની સલાહથી વડોદરા એમ.એસ. યુનિવર્સિટીમાં એમ.એ. આર્ટ ક્રિટિસિઝમનો અભ્યાસ કર્યો. દરમિયાન શ્રી એન. એસ. બેન્દ્રે દ્વારા કલાની સૂઝબૂઝ મેળવી. ખૂબ જ વાંચ્યું. પશ્ચિમની કલાના નવા પ્રવાહો સમજ્યા. ઈ.સ. 1962માં અમદાવાદની શેઠ સી. એન. કલા મહાવિદ્યાલયમાં શ્રી ઝીણાભાઈ દેસાઈએ આવકાર્યા અને માતૃ સંસ્થામાં 28 વર્ષ કલાનો ઈતિહાસ અને પેઈન્ટિંગના અધ્યાપક તરીકે સેવાઓ આપી. આદર્શ શિક્ષક અને કલાકાર તરીકે નામના મળી.

કલાસાધનામાં છબીકલા, દશ્યચિત્રો, પોટ્રેટ વગેરેમાં સુંદર સ્થાન મેળવ્યું. આજે તે દશ્યચિત્રો કરે છે તેમણે પાત્રની લાક્ષણિકતા અને દશ્યચિત્રોમાં પ્રકૃતિને વિવિધ રૂપે નવાજી. કુદરત એ જ એમનું ઘર છે. દશ્યચિત્રો (લૅન્ડસ્કેપ) એ એમની આગવી શૈલી છે. વૉટરકલર, ઑઈલકલરમાં પણ રંગરચના તો એમની જ. ગુજરાત કલાક્ષેત્રે ગુજરાત લલિતકલા આયોજિત 12 જેટલાં લૅન્ડસ્કેપ અને પોટ્રેટના વર્કશોપ દ્વારા યુવાપેઢીના ચિત્રકારોને માર્ગદર્શન પણ આપ્યું. આમ, કલાક્ષેત્રે તેમની કામગીરી ખૂબ જ યશસ્વી છે.


ઈ.સ. 1961માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનો ઍવોર્ડ ઈ.સ. 1970માં માઈસોર દશેરા પ્રદર્શનમાં ઍવોર્ડ, ઈ.સ. 1972થી ગુજરાત બહાર મુંબઈ જહાંગીર આર્ટ ગેલેરીમાં વનમૅન શો યોજ્યો ત્યારથી આજ સુધીમાં ગોવા, બેંગ્લોર, અમદાવાદ, મુંબઈ, ભાવનગર, સુરતમાં 18 જેટલા વનમૅન શો યોજ્યા. આંતરરાજ્ય પ્રદર્શનોમાં પણ અનેક વખત ભાગ લીધો. ઈ.સ. 1996માં ન્યૂ દિલ્લી ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટી દ્વારા શાલ અને રૌપ્ય ચંદ્રક આપી સન્માન કરવામાં આવ્યું.

તેમણે કલાસંસ્કાર, કલાવૃત્ત, વિશ્વના મહાન ચિત્રકારો અને કલાકસબ જેવાં પુસ્તકો આપ્યાં. જે ખૂબ જ આવકાર પામ્યાં. તેમજ ઈ.સ. 2010માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા 'કલાયાત્રી શ્રી નટુભાઈ પરીખ' પુસ્તક પ્રસિદ્ધ થયું છે. અને તે જ વર્ષે '' ગૌરવ પુરસ્કર'' થી સન્માનીત થયા. ખેડા જિલ્લાનાં 'ભીંતચિત્રો' પર સંશોધન માટે શિષ્યવૃત્તિ (રિસર્ચ સ્કોલરશિપ) પણ મળી અને તે માટેના લેખો પણ લખ્યા. 'કુમાર' માસિકમાં પણ નિયમિત લેખ આપતાં રહ્યા છે. આજે નિવૃત્ત જીવનમાં પણ કલાક્ષેત્રે પ્રવૃત્ત છે.

તેમનાં જાણીતાં ચિત્રોમાં ભરૂચની શેરી, નર્મદાની સાંજ, સાપુતારા, તારંગા અને દીવ વારંવાર ચિત્રો કરવા જાય, તેઓ પાછળની અવસ્થામાં પણ મોર્ડન આર્ટમાં મોર, પર્વત, ફૂલો અને દરિયા જેવા વિષય પરનાં ચિત્રોમાં ઈવનિંગ, મ્યુઝિક, ધી ફ્લોર, રિફ્લેક્શન, ધી રેડ વગેરે જાણીતા છે.

તેમણે કરેલા પોટ્રેટ્સમાં શારદા, ગાંધીજી, સરદાર પટેલ, રવિન્દ્રનાથ ટાગોર, શ્યામજીકૃષ્ણ વર્મા તેમજ અનેક જીવંત વ્યક્તિ પરથી ઘણાં સર્જન કર્યાં. અમેરિકન દુતાવાસ માટે ગુજરાત સરકારે સરદાર પટેલનું તૈલચિત્ર કરાવેલું.

આમ, શ્રી નટુભાઈ પરીખે કલાવિવેચક તરીકે અને ચિત્રકાર તરીકે ચિત્રજગતને માણ્યું. ખરેખર એક કલાયાત્રી તરીકે હંમેશાં કલાજગતને યાદ રહેશે.




ચિત્રકાર : શ્રી નટુભાઈ પરીખ 'શેરી ભરૂચ'




ચિત્રકાર : શ્રી નટુભાઈ પરીખ 'ફૂલો'



ચિત્રકાર : શ્રી નટુભાઈ પરીખ 'ગાંધીજી'




ચિત્રકાર : શ્રી નટુભાઈ પરીખ 'ધ રેડ'



ચિત્રકાર : શ્રી નટુભાઈ પરીખ 'દીવ'

# 9 શ્રી કનૈયાલાલ આર. યાદવ

## ઈ.સ. 1932 થી ઈ .સ. 1992



શ્રી કનૈયાલાલ યાદવનો જન્મ તા. 10 એપ્રિલ, 1932ના રોજ મધ્યપ્રદેશના રતલામમાં થયો. તેમના પિતા મૂળ આગ્રાના પી. ડબ્લ્યુ. ડી.માં સેવા આપતા. માતા ગુજરાતી પાટણનાં હતાં. તેમનો શાળાનો અભ્યાસ અમદાવાદની સરસપુરની હિન્દી શાળામાં થયો. ચિત્રકલાના શોખ અને અમદાવાદની આર. સી. હાઇસ્કૂલના ચિત્રશિક્ષક શ્રી વાઘજીભાઈની પ્રેરણાથી તેઓ શેઠ સી. એન. કલા વિદ્યાલયમાં ચિત્રશિક્ષકના તાલીમી કૉર્સમાં દાખલ થયા અને કલાચાર્યશ્રી રસિકલાલ પરીખનો પરિચય થયો અને જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં તેમણે પેઇન્ટિંગ ડિપ્લોમાની પરીક્ષામાં સમગ્ર મુંબઈ રાજ્યમાં ફસ્ટ આવ્યા. આ જ વર્ષે તેમના પ્રથમ ક્રિએટિવ પેઇન્ટિંગ **બળદ વેચનાર**ને મુંબઈ રાજ્યનું પ્રથમ ઈનામ મળ્યું.

પોતાના જીવનના અંત સુધી તેમનાં પત્ની રામદુલારીજી કનૈયાલાલને મધુર સાથ અને પ્રેરણા આપતાં રહ્યાં. તેમની મોટી દીકરીનું માત્ર 14 વર્ષની વયે અકાળે અવસાન થતાં અને તે જ અરસામાં તેમની શેઠ સી. એન. કલા વિદ્યાલયમાંથી નોકરી છૂટી જતાં અકળ અજંપાએ તેમના ચિત્તને ઘેરી લેતાં તેમની પાગલ જેવી અવસ્થામાં તેમણે તેમનાં મૂલ્યવાન ચિત્રો ફાડી નાખ્યાં. કેટલાક બાળી નાખ્યાં અને કેટલાક કલાકારમિત્રોને આપી દીધાં. થોડા સમય પછી તંદુરસ્ત થયા.

તેમનાં રેખાંકન ચિત્રો ખૂબ જ આબેહૂબ અને અભ્યાસપૂર્ણ છે. ચિત્રકલામાં ગોઠવણી, રંગયોજના એ પોતાની આગવી કલાસૂઝ હતી. તેઓ ચિત્રસર્જન કરતાં ત્યારે ભૂખ-તરસ, સમયને ભૂલી જતાં. તેવા **અલગારી ચિત્રકાર** હતા. તેમના ચિત્રમાં જીવંતતા દેખાતી હતી. હીંચકો હમણાં હાલી ઊઠશે, મોર હમણાં ટહુકો કરશે. તેમ તેમનાં ચિત્રો જોતાં પ્રતીતિ થાય છે. તેમની સ્કેચ કરવાની શક્તિ પણ બીજા કલાકારો કરતાં અલગ હતી. લૅન્ડસ્કેપ, પોર્ટ્રેટ એ તેમનો મુખ્ય વિષય રહ્યો છે.

પાછળનાં વર્ષોમાં તેઓ ધાર્મિક ચિત્રો તરફ વળ્યા. રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યોના વિવિધ પ્રસંગો લઈ ચિત્રો આલેખ્યાં. ભયંકર આર્થિક, માનસિક સંઘર્ષમાં પણ જિંદગીમાં ધન કેન્દ્ર સ્થાને નહોતું. કેન્દ્ર સ્થાને જો કંઈ હોય તો તે તેમની બાળ સહજ નિખાલસતા, નિર્દોષતા.

કલાયાત્રા દરમિયાન અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના સંતોનો સંપર્ક થયો. શ્રી પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજે એ કલાકારનું દૈવત પારખીને તેનું ગૌરવ વધાર્યું. તેઓશ્રીની નિશ્રામાં રહીને શ્રી યાદવે કરેલાં ચિત્રોમાં કલાકારની શુદ્ધ અંતરની સાધના જોવા મળે છે.

આ અલગારી કલાકાર આપણા વિશ્વમાં ભૂલા પડેલા કોઈ ફરિસ્તાની જેમ જિંદગી જીવી ગયા. તા. 21 જૂન, 1992ની સવારે ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીનું પેઇન્ટિંગ કરી રહ્યા હતા એ દરમિયાન જ હાથમાં પીંછી સાથે અવસાન થયું. જાણે કે ઈશ્વરે તેમને પીંછી સાથે જ બોલાવી લીધા !


તેમનાં જાણીતાં ચિત્રોમાં બળદ વેચનાર, દોડતા મોર, કબૂતરો, તાજમહેલ, અમરાવતીનું જૈનમંદિર, હીંચકે બેઠેલા યોગીજી મહારાજ, પ. પૂ. શ્રી પ્રમુખસ્વામી મહારાજ, ઈન્દુમતીબહેન શેઠ, સરદાર વલ્લભભાઈ પટેલ વગેરે છે.

તેમના અવસાન પછી તેમનાં ચિત્રોનું પ્રદર્શન લલિત અકાદમીમાં યોજાયું અને મોટા ભાગનાં ચિત્રો વેચાઈ ગયાં હતાં.

•



ચિત્રકાર : શ્રી કનૈયાલાલ યાદવ ‘ગ્રામ્ય નારી’



ચિત્રકાર : શ્રી કનૈયાલાલ યાદવ 'શ્રી પ્રમુખસ્વામી મહારાજ'



ચિત્રકાર : શ્રી કનૈયાલાલ યાદવ 'યોગીજી મહારાજ'




ચિત્રકાર : શ્રી કનૈયાલાલ યાદવ 'તાજમહેલ'



ચિત્રકાર : શ્રી કનૈયાલાલ યાદવ 'સ્કેચ'

# 10 ચિત્રકારશ્રી પ્રતાપસિંહ જાડેજા

**જન્મ તા. : 29-06-1940**



શ્રી પ્રતાપસિંહ જાડેજાનો જન્મ તા. 29-06-1940ના રોજ રાજકોટ તાલુકાના વેજા ગામમાં થયો હતો. પિતા ભાવસિંહજી ભજનો રચે, સર્જક પિતાએ પુત્રને તેના રસ્તે જવા દીધો. શાળાના શિક્ષણ માટે રાજકોટ આવ્યા અને રાજકોટને જ પોતાની કર્મભૂમિ બનાવી. ઈન્ટર સાયન્સ પૂર્ણ કર્યા પછી ચિત્રકળા પ્રત્યેની રુચિને કારણે ફાઈન આર્ટના અભ્યાસ તરફ વળ્યા. 1962માં રાજકોટમાં શરૂ થયેલી કલાસંસ્થા 'પંડિત નહેરુ ફાઈન આર્ટ્સ'માં કલાચાર્ય ડૉક્ટર રમેશભાઈ ભટ્ટના માર્ગદર્શનમાં પેઈન્ટિંગ, સ્કલ્પચરના કલાશિક્ષણમાં આઠ વર્ષ તાલીમ મેળવી. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લેવાતી ઉચ્ચ કલા પરીક્ષાઓમાં બાહ્ય વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપતા રહ્યા. 1974માં આર્ટ માસ્ટરની પદવી પ્રાપ્ત કરી અને 'પ્રાચીન ભારતીય સંસ્કૃતિ' વિષય સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી 1983માં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. 1972-1973ના વર્ષમાં અમદાવાદની શેઠ સી. એન. કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સમાં ડી.ટી.સી.ના અભ્યાસ માટે આવ્યા જ્યાં કલાચાર્યશ્રી રસિકલાલ પરીખના સાંનિધ્યમાં ચિત્રનું શિક્ષણ મેળવ્યું અને ડી.ટી.સી.માં (ડ્રૉઈંગ ટીચર સર્ટિફિકેટ કોર્સ)માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવી ઉત્તીર્ણ થયા.

તેમણે મોટા ભાગનાં ચિત્રો સૌરાષ્ટ્રના ગ્રામીણ લોકજીવન પર દોરેલાં છે. જેમાં પેન અને ઈન્ક, કાગળ પર જળરંગો તેમજ તૈલરંગોનો ઉપયોગ કર્યો છે.

રાજકોટમાંથી પ્રસિદ્ધ થતું 'જન્મભૂમિ' જૂથનાં દૈનિક 'ફૂલછાબ'માં 1964થી તેમણે વાર્તા ચિત્રકાર તરીકેની જવાબદારી સંભાળી. શ્રી ઝવેરચંદ મેઘાણીથી લઈને ગુજરાતના અનેક નામી લેખકોની ઐતિહાસિક, પૌરાણિક, ગ્રામ્યજીવન કે સાંપ્રત સમાજને લગતી કથાઓને શ્રી પ્રતાપસિંહ જાડેજાની સશક્ત પીંછીથી ચિત્રદેહ આપ્યો છે. સૌરાષ્ટ્રના લોકજીવન, રહેણીકરણી, વેશભૂષા સહિતનાં આલેખનો તો ગ્રામ સંસ્કૃતિના અભ્યાસુઓને માટે સંદર્ભો પૂરા પાડે તેવા થયા છે.

આ ઉપરાંત 1990થી 'ફૂલછાબ' ની રવિવારની સૌરભ પૂર્તિમાં 'રંગ, રૂપ અને રચના' કૉલમ અને દૈનિકની કલાદર્શન કૉલમમાં ગુજરાતના કલાકારો, કલાસંસ્કૃતિની સુવાસને ઉજાગર કરતા રહ્યા છે. પત્ની તારાબહેનના સથવારે આજે પણ પ્રતાપસિંહજી તેમના સર્જન અને લેખનકાર્યમાં વ્યસ્ત રહે છે.

રાજકોટની આઇ.પી. મિશન ગર્લ્સ હાઇસ્કૂલમાં સન 1967માં ચિત્રશિક્ષક તરીકે જોડાયા અને ત્યાંથી જ 1998માં નિવૃત્ત થયા, તેમને 1994માં સુભદ્રાબહેન ચિ. શ્રોફ શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ, 1998માં સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ અપાયો. તેમના **આંબલી-પીપળી** ચિત્રને ગુજરાત રાજ્ય લલિતકલા પ્રદર્શનમાં 1965માં શ્રેષ્ઠ ચિત્રનો ઍવોર્ડ અપાયો. વર્ષ 2011માં ગુજરાત લલિતકલા અકાદમી દ્વારા સન્માનિત કલાકારોને અપાતો ''ગૌરવ પુરસ્કાર'' ગુજરાત રાજ્ય સરકાર તરફથી અપાયો.

આ કલાકારનું આગવું લક્ષણ એમની જીવનશૈલી છે. સાદાઈ, ખંતપૂર્વક કાર્ય, પ્રામાણિકતા, મિતભાષીતા અને મૃદુતા એમના વ્યક્તિત્વને પ્રગટ કરે છે.

તેમનાં જાણીતાં ચિત્રોમાં આંબલી-પીપળી, જટાયુ, ગરાસણી, ગરબે રમવાને ગોરી નીસર્યા (વેજા ગામની પાદર), જન્માષ્ટમીની સાંજ, ગોકુળિયું ગામડું, માનતા ફળી, પાદરે બોલે પાળિયા, પનિહારીઓ વગેરે છે.

હાલ નિવૃત્ત જીવનમાં પણ કલાક્ષેત્રે કાર્યરત છે.

•



'જટાયુ'

ચિત્રકાર : શ્રી પ્રતાપસિંહ જાડેજા




ચિત્રકાર : શ્રી પ્રતાપસિંહ જાડેજા



ચિત્રકાર : શ્રી પ્રતાપસિંહ જાડેજા 'આંબલી-પીપળી'



ચિત્રકાર : શ્રી પ્રતાપસિંહ જાડેજા 'વેજા ગામનો પાદર'



ચિત્રકાર : શ્રી પ્રતાપસિંહ જાડેજા

## સ્વાધ્યાય

### 1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) ગુજરાત કલાસંઘની સ્થાપના કોણે કરી હતી ?
(A) શ્રી રસિકલાલ પરીખ (B) શ્રી નટુભાઈ પરીખ
(C) શ્રી યજ્ઞેશ્વર શુક્લ (D) શ્રી રવિશંકર રાવળ

(2) ગુજરાત રાજ્ય કલા અકાદમીની આર્ટ ગેલેરી કયા કલાકારના નામથી ઓળખાય છે ?
(A) શ્રી યજ્ઞેશ્વર શુક્લ (B) શ્રી રવિશંકર રાવળ
(C) શ્રી નટુભાઈ પરીખ (D) શ્રી સોમાલાલ શાહ

(3) કયા કલાકાર પક્ષીઓનાં ચિત્રોના જાણીતા કલાકારો હતા ?
(A) શ્રી જશુભાઈ નાયક (B) શ્રી યજ્ઞેશ્વર શુક્લ
(C) શ્રી ખોડીદાસ પરમાર (D) શ્રી સોમાલાલ શાહ

(4) 'ભયગ્રસ્ત હરણાઓ' નામનું જાણીતું ચિત્ર કયા કલાકારનું છે ?
(A) શ્રી ખોડીદાસ પરમાર (B) શ્રી રસિકલાલ પરીખ
(C) શ્રી બંસીલાલ વર્મા (D) શ્રી સોમાલાલ શાહ

(5) શ્રી પ્રતાપસિંહ જાડેજાએ કયા શહેરને પોતાની કર્મભૂમિ બનાવી ?
(A) વડોદરા (B) સુરત
(C) અમદાવાદ (D) રાજકોટ

(6) ગુજરાત લલિતકલા અકાદમીના પ્રથમ મંત્રી કોણ બન્યા ?
(A) શ્રી યજ્ઞેશ્વર શુક્લ (B) શ્રી રસિકલાલ પરીખ
(C) શ્રી સોમાલાલ શાહ (D) શ્રી કનૈયાલાલ યાદવ

(7) શ્રી રસિકલાલ પરીખે કંઈ સંસ્થામાં આચાર્ય તરીકે સેવા આપી ?
(A) કલા-વિદ્યાલય, અમલસાડ (B) ફાઇન આર્ટ્સ કૉલેજ, ભરૂચ
(C) ફાઇન આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગર (D) શેઠ સી. એન. કલા મહાવિદ્યાલય

(8) 'ગરીબોનું સ્વર્ગ' નામનું જાણીતું ચિત્ર કયા કલાકારનું છે ?
(A) શ્રી બંસીલાલ વર્મા (B) શ્રી યજ્ઞેશ્વર શુક્લ
(C) શ્રી રસિકલાલ પરીખ (D) શ્રી કનૈયાલાલ યાદવ

(9) કયા ચિત્રકાર કાર્ટુનિસ્ટ ચિત્રકાર તરીકે જાણીતા છે ?
(A) શ્રી નટુભાઈ પરીખ (B) શ્રી સોમાલાલ શાહ
(C) શ્રી કનૈયાલાલ શાહ (D) શ્રી બંસીલાલ વર્મા

(10) 'નમસ્તે કરતી સ્ત્રી'નું જાણીતું ચિત્ર કયા કલાકારનું છે ?
(A) શ્રી બંસીલાલ વર્મા (B) શ્રી ખોડીદાસ પરમાર
(C) શ્રી પ્રતાપસિંહ જાડેજા (D) શ્રી કનૈયાલાલ યાદવ

(11) 'રૂપદા' કલાવૃંદની સ્થાપના કયા કલાકારે કરી હતી ?

(A) શ્રી રવિશંકર રાવળ (B) શ્રી જશુભાઈ નાયક

(C) શ્રી કનૈયાલાલ યાદવ (D) શ્રી પ્રતાપસિંહ જાડેજા

(12) કયા કલાકાર 'પ્રોટ્રેટના રાજા' તરીકે જાણીતા બન્યા હતા ?

(A) શ્રી રવિશંકર રાવળ (B) શ્રી ખોડીદાસ પરમાર

(C) શ્રી જશુભાઈ નાયક (D) શ્રી પ્રતાપસિંહ જાડેજા

(13) 'ધરતીનો ચિત્રકાર' તરીકે કયા કલાકાર જાણીતા છે ?

(A) શ્રી જશુભાઈ નાયક (B) શ્રી રસિકલાલ પરીખ

(C) શ્રી નટુભાઈ પરીખ (D) શ્રી ખોડીદાસ પરમાર

(14) કલા-વિવેચક અને ચિત્રકાર તરીકે કયા કલાકાર જાણીતા છે ?

(A) શ્રી નટુભાઈ પરીખ (B) શ્રી સોમાલાલ શાહ

(C) શ્રી કનૈયાલાલ યાદવ (D) શ્રી જશુભાઈ નાયક

(15) શ્રી કનૈયાલાલ યાદવનું જાણીતું ચિત્ર કયું છે ?

(A) બળદ વેચનાર (B) શ્રીકૃષ્ણલીલા

(C) શાકભાજી વેચનાર (D) નાગદમન

(16) કયા ચિત્રકાર અલગારી ચિત્રકાર તરીકે ઓળખાય છે ?

(A) શ્રી નટુભાઈ પરીખ (B) શ્રી સોમાલાલ શાહ

(C) શ્રી કનૈયાલાલ યાદવ (D) શ્રી જશુભાઈ નાયક

(17) કયુ ચિત્ર બંસીલાલ વર્માનું નથી ?

(A) નમસ્તે કરતી સ્ત્રી (B) યમ-નચિકિતા

(C) હોળી (D) અકબર-બીરબલ

(18) ''કુમાર'' માસિકની શરૂઆત કયા કલાકારે કરી હતી ?

(A) શ્રી રસિકલાલ પરીખ (B) શ્રી રવિશંકર રાવળ

(C) શ્રી કનૈયાલાલ યાદવ (D) શ્રી જશુભાઈ નાયક

# ચિત્રસર્જન (પ્રાયોગિક)

ચિત્રકલા ચિત્રને રંજન આપનારી કલા છે. બાળકો નિજાનંદી હોય છે. બાળકો રેખા દ્વારા આકારોનું સર્જન કરે છે. તે સર્જન દ્વારા બાળક અલૌકિક આનંદ પ્રાપ્ત કરે છે. બાળકોને કલાનું શિક્ષણ આપવાનો મૂળ હેતુ તેની સર્જનશક્તિ તથા વિચારશક્તિ વિકસિત કરવાનો છે. પોતાના વિચારો અભિવ્યક્ત કરવા બાળક ચિત્રના માધ્યમથી ચિત્રસર્જનનો આનંદ લે છે. વિચારોથી થતા સર્જનમાં તે સૌંદર્યના પાઠ શીખે છે. તેથી બાળકોને પણ પોતાના ભાવ-સંવેદનો વ્યક્ત કરવાની તક પૂરી પાડવી જોઈએ.


આગળનાં ધોરણોમાં તમે ચિત્રો દોરવાનો અને તેમાં રંગ પૂરવાનો અભ્યાસ કર્યો છે. આ ધોરણમાં તમારે ચિત્રકલાના આ વિષયોનો વિશેષ અભ્યાસ કરવાનો છે : (1) ચિત્ર-સંયોજન (2) ભાતચિત્ર અને (3) અક્ષરલેખન

**(1) ચિત્ર-સંયોજન (Picture Composition) :**

માનવસમાજમાં જોવા મળતા રોજબરોજનાં દૃશ્યો, માનવજીવનના પ્રસંગો, કાર્યો, ઉત્સવો, તહેવારો, પ્રાણીઓ, પક્ષીઓ અને વૃક્ષો વગેરેનાં ચિત્રો વાસ્તવિક તેમજ સર્જનાત્મક આકારોને યોગ્ય રીતે ગોઠવીને જે ચિત્ર તૈયાર કરવામાં આવે છે તેને ચિત્ર-સંયોજન કહેવાય છે. તેનાથી બાળકોની કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. ચિત્ર-સંયોજનનાં ચિત્રો તમારે 20 x 25 સેમીના માપમાં દોરીને તેમાં પીંછીથી પુરાય તેવા જળરંગો પૂરવાના છે. અહીં કેટલાક ચિત્ર-સંયોજનનાં ચિત્રો છાપ્યાં છે. તેના ઉપરથી ચિત્ર-સંયોજનો દોરવાની સમજ કેળવાશે.



ચિત્ર : શ્રી ચિરાગ સુથાર 'રામ અને નાવિક'



ચિત્ર : શ્રી કલેન્દુ મહેતા 'શૃંગાર'




‘પનઘટ’

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ




ચિત્ર : શ્રી પાનાચંદ લુણેચિયા

‘પક્ષી પ્રેમ’



‘માં અને બાળક’



‘સફાઈ-કામદાર’

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ




'પૂજા'




'માછીમાર'

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ



'પક્ષીઓ'

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ



'પ્રાણીઓ'


ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ

**(2) ભાતચિત્ર (Desigen) :** આપણે ત્યાં આદિકાળથી મનુષ્ય રોજબરોજની વપરાશની ચીજવસ્તુઓને શણગારતો આવ્યો છે. કારણ કે માણસ માત્ર કલાપ્રેમી છે. તેને સુંદર વસ્તુઓ વાપરવી ગમે છે. સૌંદર્યનું રસપાન કરવાની તેની સહજવૃત્તિથી જ તે કલાપારખું કહેવાય છે. આમ, સૌંદર્યના ઉપાસક મનુષ્યે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે તેની આસપાસની દરેક ચીજવસ્તુઓને શણગારી છે. જેવી કે છરી, ચપ્પુ, સૂડી, પેટી, પટારા, ઘરના ટોડલા, બારી, બારસાખ અને બારણાં, પોતે પહેરેલાં કપડાં અને પડદા વગેરેમાં ડિઝાઈનનો ઉપયોગ કરીને શણગારવાનો પ્રયત્ન કર્યો છે.


આ રીતે બાળકની કલાસૂઝ, કલ્પનાશક્તિ અને અવલોકન શક્તિનું સુઆયોજન કરીને સર્જનશક્તિનો વિકાસ કરી શકે એવા હેતુથી ભાતચિત્ર વિષય શીખવવામાં આવે છે.

અહીં તમારે ત્રણ પ્રકારની ભાતરચનાનો અભ્યાસ કરવાનો છે : (I) ભૌમિતિક આકારોવાળી નિયમિત ભાત (II) ભૌમિતિક આકારો ઓવરલેપિંગ કરેલી ભાત અને (III) સર્જનાત્મક ભાત.


**(I) ભૌમિતિક નિયમિત ભાત :** આવી ભાતરચના તમારે 20 × 20 અથવા કાગળની સાઈઝને ધ્યાનમાં રાખીને યોગ્ય માપના ચોરસમાં તૈયાર કરવાની છે. આવી ભાત માત્ર કંપાસનાં સાધનો દ્વારા જ દોરી શકાય છે. કારણકે તેમાં આકારો નિયમિત(ક્રમબદ્ધ) હોય છે. આવી ભાત ટાઈલ્સ, કાપડ, લોખંડની જાળીઓ કે પથ્થરની કોતરણીમાં ખાસ જોવા મળે છે. અહીં આવી ભાતના કેટલાક નમૂના છાપ્યા છે તેથી આવી ભાતરચના તૈયાર કરવા તમારી સમજ કેળવાશે.



ભૌમિતિક નિયમિત ભાત




ભૌમિતિક નિયમિત ભાત




ભૌમિતિક નિયમિત ભાત

**(II) ભૌમિતિક ઓવરલેપિંગ ભાત :** ભૌમિતિક આકારો જેવા કે ગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, અર્ધગોળ વગેરેમાંથી ગમે તે એક આકાર વારંવાર ઓવરલેપિંગ કરીને અથવા ત્રણ કે ચાર આકારો એકબીજા ઉપર ઓવરલેપિંગ કરીને આ પ્રકારની ભાત તૈયાર કરી શકાય છે અને તેમાં પીંછીથી પુરાય તેવા જળરંગો પૂરવાના છે અહીં આવી કેટલીક ભાતના નમૂના છાપ્યા છે. જેથી આવી ભાત તૈયાર કરવાની પ્રેરણા મળેશે.




ભૌમિતિક ઓવરલેપિંગ ભાત




ભૌમિતિક ઓવરલેપિંગ ભાત





ભૌમિતિક ઓવરલેપિંગ ભાત

**(III) સર્જનાત્મક ભાત :** આ પ્રકારની ભાતરચનામાં કુદરતી આકારો જેવા કે સૂર્ય, પ્રાણી, પક્ષી, પાણી, માછલી, શંખ, છીપલાં, પતંગિયાં, વૃક્ષો, પર્વતો વગેરે આકારોને સર્જનાત્મક બનાવી કલાત્મક રીતે ગોઠવણી કરીને ચિત્રો તૈયાર કરવાના છે. તમારે આવી ભાતરચનાઓ 20 × 25 સેમીના માપમાં દોરીને તેમાં પીંછીથી પૂરી શકાય તેવા જળરંગો પૂરવાના છે. આવી ભાતરચનાઓના નમૂના છાપ્યા છે જે તમને દોરવામાં મદદરૂપ થશે.



ચિત્ર : શ્રી કલેન્દુભાઈ મહેતા


સર્જનાત્મક ભાત



સર્જનાત્મક ભાત



સર્જનાત્મક ભાત



સર્જનાત્મક ભાત


**(3) અક્ષરલેખન (Lettering) :** ચિત્રકલાનાં જુદાં જુદાં પાસાંનો અભ્યાસ કરતી વખતે અક્ષરલેખનનો અભ્યાસ પણ જરૂરી છે. અક્ષરલેખનમાં તેનો મરોડ આંખને અને હાથને કેળવવામાં મુખ્ય ભાગ ભજવે છે. ઉપરાંત અક્ષરો સંદેશાવાહકનું કામ પણ કરે છે.

બજારમાં ઉત્પાદનને વેચવા માટે જાહેરાતનાં પાટિયાં સુંદર અક્ષરોથી સુશોભિત કરીને લટકાવેલાં જોવા મળે છે. અક્ષરોના સુંદર મરોડ અને યોગ્ય રંગપૂરણી સાથે પૃષ્ઠભૂતી (બેક ગ્રાઉન્ડ)માં સુંદર ચિત્રસર્જન પણ કરેલું હોય છે. જે વિષયને યોગ્ય અને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. જેની અસર ગ્રાહકોના દિમાગ ઉપર લાંબા સમય સુધી રહે છે. તેથી પ્રેરાઈને ગ્રાહક તે ઉત્પાદનની વસ્તુઓ ખરીદવા માટે આકર્ષાય છે.


આમ, અક્ષરલેખન એ સંદેશાવાહક ગણાય છે. આથી બાળકોને અક્ષરલેખનનું પાયાનું જ્ઞાન આપવાનો આશય અહીં રહેલો છે.

દરેક દેશ, પ્રાંત અને ભાષા પ્રમાણે મરોડમાં ફેરફાર જોવા મળે છે. જે સર્જકની આગવી સૂઝ ઉપર આધારિત છે. સુંદર આલેખન, સપ્રમાણ અવકાશ, કલાત્મક રચના, વાંચી શકાય તેવી રીતનું લખાણ, વિષયને અનુરૂપ સંયોજન અક્ષરલેખનનાં મુખ્ય અંગો છે. તેને ધ્યાનમાં રાખીને કક્ષા પ્રમાણે અક્ષરોના મરોડ દર્શાવવા અને તે જોઈને બાળક પોતાની કલ્પનાશક્તિ ઉમેરીને જે સર્જન કરે તેનું વધારે ધ્યાન આપવું. જેથી બાળકની આગવી શૈલીનો વિકાસ થઈ શકે. અક્ષરલેખન તમારે કાગળની સાઇઝને ધ્યાનમાં રાખીને તેમજ વાક્યરચનાના અક્ષરોને ધ્યાનમાં રાખીને યોગ્ય માપના ચોરસ કે લંબચોરસમાં દોરી તેમાં પીંછીથી પુરાય તેવા જળરંગો પૂરવાના છે. અક્ષરલેખનને કલાત્મક બનાવવા જૂજ પ્રમાણમાં સ્કેચપેનનો ઉપયોગ થઈ શકશે. અહીં અક્ષરલેખનના કેટલાક નમૂના છાપ્યા છે. તેના ઉપરથી અક્ષરલેખન કરવાનો તમને સ્પષ્ટ ખ્યાલ આવશે.




સ્વચ્છ
ભારત


WATER
IS
LIFE


# શબ્દચિત્રો



ગાય



જૉકર




રેંટિયો



ગુજરાત



એકતારો



રૉકેટ



દીપક



બ્યૂગલ



મોજડી



મયૂર



હંસ




ઘોડો



માછલી



હાથી



હથોડી

ચિત્ર : શ્રી મહેબૂબ એ. સૈયદ

• • •